જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શનિવાર । તા. ૨૩-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

મોદીએ પુરસ્કારમાં મળેલી ૧.૩૦ કરોડની રકમને નમામી ગંગે પ્રોજેક્ટને ભેટ આપી

વડાપ્રધાન મોદીને સિયોલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરાયા

સિઓલ

વડાપ્રધાન મોદીને દક્ષિણ કોરિયાનાં પ્રવાસનાં બીજા જ દિવસે સિયોલ શાંતિ પુરસ્કારથી સન્માનિત કરાયા છે. મોદીએ પુરસ્કારમાં મળેલી ૧.૩૦ કરોડની રકમને નમામી ગંગે પ્રોજેક્ટને ભેટ આપવાની જાહેરાત કરી છે. ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે ૬ કરાર પર હસ્તાક્ષર કરાયા છે. મોદી સિયોલ શાંતિ પુરસ્કાર મેળવનારા ૧૪માં વ્યક્તિ છે. આ પુરસ્કાર ૧૯૮૮માં સિયોલ ઓલ્મિપકનાં સફળ આયોજન પછી શરૂ કરાયો છે.



સમ્માન મળ્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે આ પુરસ્કાર આખા ભારતના વિકાસને દર્શાવે છે. તેની સાથે જ તેમણે નામ લીધા વગર પાકિસ્તાન પર પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે હવે સમય આવી ગયો છેકે માનવતામાં વિશ્વાસ ધરાવતા આતંકવાદને ખત્મ કરવામાં સહયોગ કરે.

પુરસ્કાર મળ્યા બાદ પીએમ મોદીએ તમામનો આભાર માન્યો અને કહ્યું કે આ એવોર્ડ દેખાડે છે કે ભારતે છેલ્લાં પાંચ વર્ષમાં કેટલો વિકાસ કર્યો છે. તેમણે આ પુરસ્કારને ભારતના લોકોને સમર્પિત કર્યો. વસુધૈવ કુંટુંબકમનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે આ એવોર્ડ દેખાડે છે કે આખી દુનિયા એક પરિવારની જેમ જ છે. પીએમ એ કહ્યું કે આ એવોર્ડ એ ધરતીને જાય છે જ્યાં ભાગવત ગીતાનો સંદેશ મળ્યો અને હંમેશા શાંતિની વાત કરાઈ. ત્યારબાદ તેમણે એનડીએ સરકાર દ્વારા ચલાવામાં આવેલી નવી વિભિન્ન યોજનાઓના વખાણ કર્યા. તેમાં ડિજિટલ ઈન્ડિયા, સ્કિલ ઈન્ડિયા, ક્લીન ઈન્ડિયા, આયુષ્યમાન ભારત વગેરેનો ઉલ્લેખ કર્યો હતો.

પુલવામા હુમલા બાદ પાકિસ્તાનને વૈશ્વિક સ્તર પર ઘેરી રહેલા પીએમ મોદીએ સિઓલમાં પણ પાકિસ્તાનનો ઉલ્લેખ કર્યો. તેમણે નામ લીધા વગર જ કહ્યું કે ભારત છેલ્લાં ચાલીસ વર્ષથી બોર્ડર પારથી થઇ રહેલા આતંકી ષડયંત્રનો શિકાર બની રહ્યું છે.

રાજ્યના શહેરોમાં ૨૪ કલાક દુકાનો ખુલ્લી રાખી શકાશે, ઓવરટાઈમ માટે ડબલ વેતન મળશે

મહિલાઓ માટે કામના કલાકો સવારે ૬ થી રાતના ૯ વાગ્યા સુધી રાખવાની જોગવાઇ

અમદાવાદ

ગુજરાતમાં મહાનગર પાલિકા વિસ્તાર, નેશનલ હાઈ-વે, રેલવે સ્ટેશન, એસટી બસ સ્ટેન્ડ, હોસ્પિટલ, પેટ્રોલપંપ પર આવેલી દુકાનો-સંસ્થાઓ ૨૪ કલાક ખુલ્લી રાખી શકાશે. જ્યારે નગરપાલિકા વિસ્તારોમાં, સ્ટેટ હાઈ-વે ઉપરની દુકાનો-સંસ્થાઓ સવારના ૬ થી રાતના ૨ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી દુકાનો સવારે ૬ થી રાતના ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રાખી શકાશે. તેમજ ઓવરટાઈમ માટે ડબલ વેતન પણ આપવું પડશે. વિધાનસભા ગૃહમાં આજે આ અંગે ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ-૨૦૧૯ પસાર કર્યુ હતું. શ્રમ અને રોજગાર મંત્રી દિલીપ ઠાકોરે ગૃહમાં જણાવ્યું કે, સામાન્ય ભાષામાં આપણે જેને ગુમાસ્તા ધારા તરીકે ઓળખીએ છીએ એવા આ અધિનિયમમાં સુધારાથી રાષ્ટ્રકક્ષાએ એકસૂત્રતા તો જળવાશે એટલું જ નહી ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પુરું પાડી શકાશે. ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ ૨૦૧૯માં શ્રમયોગીઓ/કર્મચારીઓને અઠવાડીયે એક રજા ફરજીયાત આપવાની અને જો અઠવાડીયે રજા ન આપવામાં આવે તો તેની અવેજીમાં વળતર રજા આપવાની જોગવાઇ છે. આરામના દિવસે કામ કરવા બદલ બમણા દરે વેતન આપવાની જોગવાઇ કરાઈ છે. જયારે આ અધિનિયમમાં શિફ્ટ(પાળી)ની જોગવાઇ કરાઈ છે. જેથી કોઇ વેપારીને અરજન્ટ ઓર્ડર મળે તો તેને પૂરો કરવા તેઓ દુકાન ચાલુ રાખી શકશે. જૂના અધિનિયમમાં ઓવરટાઇમ કામ કરાવવાની મર્યાદા ત્રણ મહિનાના છત્રીસ કલાકની હતી, જે હવે વધારીને ત્રણ મહિનાના એકસો પચીસ કલાક સુધીની કરાઈ છે. સાથે સાથે અગાઉ ઓવરટાઇમ વેતન, વેતનના દોઢ ગણા દરે આપવાની જોગવાઇ હતી તે હવે વેતનના બમણા દરે આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

સરકારે શિક્ષકો સાથે વાતચીત માટે ત્રણ લોકોની કમિટી બનાવી હતી

અંતે સરકારે માંગણીઓ સંતોષવાની ખાતરી આપતા શિક્ષકોની હડતાળ સમેટાઈ

હજારો શિક્ષકોએ સવારથી જ વિધાનસભાનો ઘેરાવ કરવાનો પ્રયત્ન કર્યો હતો, પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો

ગાંધીનગર

શિક્ષકો અને એસટી કર્મીઓનાં વિરોધને નાથવા માટે રાજ્ય સરકારે એક કમિટીની રચના કરી છે. જેમાં નીતિન પટેલની સાથે ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને આર.સી.ફળદુનો સમાવેશ થાય છે. આ કમિટીએ પ્રાથમિક શિક્ષકોનાં નેતાઓ સાથે વાતચીત કર્યા પછી તેમની હડતાળ સમેટાઈ ગઈ છે. સરકારે તેમની માંગણી સંતોષવાની ખાતરી આપી છે. મહત્વનું છે કે પ્રાથમિક શિક્ષણ સંઘનાં નેતા દિગ્વિજયસિંહ જાડેજાએ બેઠક બાદ CL અને હડતાળનો કાર્યક્રમ પરત ખેંચ્યો છે. પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ સાથે શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ બેઠક બાદ તેમને નિવેદન આપ્યું છે કે, 'સરકારે અમને ખાતરી આપી છે કે બધા પ્રશ્નોનો ઉકેલ આવશે. સરકાર સકારાત્મક છે.'

આ પહેલા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, 'આ મુદ્દે સરકાર સકારાત્મક છે. કોઈપણ માંગનો તરત જ ઉકેલ ન આવે. થોડા સમય માટે ધીરજ રાખવી જોઈએ. ફરીથી બેસીશું આ વાત પર ચર્ચા કરીશું. સરકારનું હંમેશા વલણ રહ્યું છે કે કોઈપણ મુદ્દે સંઘર્ષથી નહીં પરંતુ સંવાદથી વાત કરવી જોઈએ. આ લોકો સાથે બેસીને યોગ્ય સમયે યોગ્ય નિરાકરણ આપણે લાવીશું. સાતમાં પગાર પંચ, નવા શિક્ષકોને નિવૃતી લાભ અને શિક્ષણ સિવાય અન્ય કામો જવાબદારી જેવા મુદ્દાઓને લઈ ૨.૧૫ લાખ સરકારી શાળાના શિક્ષકો સામુહિક રજા મુકી હડતાળ પર ઉતર્યા હતા. લગભગ ૨૫ હજારથી વધુ શિક્ષકોએ સવારથી ગાંધીનગરને બાનમાં લીધું હતુ. આ સાથે વિધાનસભાનો ઘેરાવ પણ કર્યો હતો. લગભગ ૨ હજારથી વધારે શિક્ષકોની અટકાયત કરી હતી. નોંધનીય છે કે આજે સવારથી ગાંધીનગરમાં રાજ્યભરમાંથી શિક્ષકોનાં આવવાનો સિલસિલો શરૂ થઈ ગયો હતો. સવારથી જ પોલીસ પણ વિવિધ શહેરોમાંથી શિક્ષકોને ગાંધીનગર આવતા અટકાવવા માટે તેમની અટકાયત કરી રહી હતી.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન સિક્યુરિટી સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ઘનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા
પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય માણસ વર્ગને જીવન ટુંકવવામાં અપાર મુશ્કેલીઓની સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માર્ગદર્શી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મહદઅંશ ઘટાડો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.
તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ થિયો સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.
CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.
અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. રાજ્યભરમાં માત્ર રૂ. ૫૫૦/- જોડવા માટે ભરવાના થતાહતા અન્યોને જોડી મહેનતાણું ઉસિલાવી ઘરબેઠા રૂપિયા કામ મુજબ ચપેલ આવકમાંથી ચુકવણ જશો, જે માટે સાથે ડોકયુમેન્ટ હોપક પરથી આપ સમજુ શકશો.
તો આવો સૌ સાથે મળી આબાદીકરણનું ઉજ્જવળ નિર્માણ કરીએ.
MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો
અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો
Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં
૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એકત્રિત થયેલ મેળવી આપના કમાયેલા પૈસામાંથી
(PLAN - A)
બાકીના ૧૭૫૦/- (ત્રણેટ જોડવી ઉપયોગી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો. જેના માટે આપે રાજ્યભરમાં ૫૫૦/- ભરવાના રહેશે.
(PLAN - B)
ત્રીજા ત્રણ વર્ષ માટે ૫૫૦૦/- (ત્રણેટ જોડવી ઉપયોગી) આપનો કોડ ત્રીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો. સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો જેના માટે આપે રાજ્યભરમાં ૩૦૦૦/- ભરવાના રહેશે. આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-



સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય
તાત્કાલિક સંપર્ક કરો | ઘનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096
13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850
connectindians1@gmail.com

બેટ ફોર વીન નામની મોબાઈલ એપ્લીકેશન ધ્વારા ક્રિકેટની રમતમાં સટ્ટો રમતા સાતની અટક કરતી કચ્છ ભુજ એલસીબી



માનકુવા પોલીસ સ્ટેશનના સુરજપર ગામે બેટ ફોર વીન નામની મોબાઈલ એપ્લીકેશન ધ્વારા આધુનીક ઢબથી ક્રિકેટની રમતમાં હારજીતનો સટ્ટો રમાડી રહેલ સાત (૭) આરોપીઓને પકડી પાડતી પશ્ચિમ કચ્છ ભુજ એલ.સી.બી.

ઉતરાખંડ રાજયના દહેરાદુન ખાતે હાલમાં રમાતી મર્યાદીત ટી-૨૦ ઓવરની ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટીમોની હારજીત અને કઈ ટીમ કેટલા રન બનાવશે તથા રનના તફાવત ઉપર રૂપીયાની હાર જીતનો ક્રિકેટ સટ્ટાનો જુગાર પોત પોતાના મોબાઈલ ફોનમાં ક્રિકેટ મેચને લગતી એપ્લીકેશન ઉપરથી સુરજપર ગામે બસ સ્ટેશનની સામે આવેલ રાધીકા જલ નામના પાણીના પ્લાન્ટ પાસે જાહેરમાં રજીસ્ટ્રેશન નંબર વગરની સફેદ કલરની મારૂતી સ્વીફટ કાર પાસે અમુક ઈસમો ભેગા થઈ સટ્ટો રમાડી રહેલ છે, તેવી ચોક્કસ બાતમી હકીકત મળતાં આ અંગે પોલીસ અધિક્ષક સૌરભ તોલંબીયાની સુચના હેઠળ એલ.સી.બી. ભુજના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.મ.બી.ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના કર્મચારીઓ ભુજ તાલુકા વિસ્તારમાં આ હકીકતનું પગેરૂં દબાવતા પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન બાતમી હકીકત વાળી જગ્યાએ રેઈડ કરી મુદ્દામાલ (૧) રોકડા રૂા.૨૫,૨૦૦/- (૨) સ્વીફટ કાર કિ.રૂા.૬,૦૦,૦૦૦/- (૩) મોબાઈલ ફોન નંગ-૭ કિ.રૂા.૭૫,૦૦૦/- (૪) ક્રિકેટ મેચના સટ્ટાના હિસાબની કાચી બુકો નંગ-૨ તથા બોલપેન નંગ-૧, કિ.રૂા.૦૦/૦૦ એમ કુલ્લે કિ. રૂા.૭,૦૦,૨૦૦/- ના મુદ્દામાલ સાથે સાત આરોપીઓની એલસીબી એ અટક કરી હતી.પકડાયેલ આરોપી પૈકી...

(૧) રજાક મામદ જુણેજા, ઉ.વ.૪૦, રહે.તૈયબા ટાઉનશીપ, પ્લોટ નં.૯૨-૯૩, ખારીનદી રોડ, ભુજ (૨)અરૂણ ખીમજીભાઈ પરમાર, ઉ.વ૩૧, રહે.જયેષ્ઠાનગર, વાધેશ્વરી ચોક, ભુજ (૩)અભીક ઉર્ફે લખન સ/ઓ શંકરભાઈ રાજદેવ, ઉ.વ.૨૮, રહે.સુરજપર, તા.ભુજ (૪) રફીક સલીમ લોઢીયા, ઉ.વ.૩૫, રહે.કેમ્પ એરીયા, સ્ટાર બેકરીની સામે, જનતાનગરી, ભુજ (૫) આકાશ શંકરભાઈ રાજદેવ, ઉ.વ.૨૮, રહે.સુરજપર, તા.ભુજ (૬)ઉમર ઈસ્માઈલ સોઢા, ઉ.વ.૨૭, રહે.કેમ્પ એરીયા, માંજોઠી મસ્જીદની બાજુમાં, ભુજ (૭)વિશ્રામ કરશન મેપાણી, ઉ.વ.૪૦, રહે.સુરજપર, તા.ભુજ વાળાઓને જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ધોરણસર અટક કરી માનકુવા પો.સ્ટે. ખાતે ફરીયાદ દાખલ કરાવેલ છે.

દિકરાની હત્યાનો બદલો લેવા પિતા-પુત્રએ યુવાનને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

રાજકોટ

શહેરના પોપટપરામાં રહેતા મનોજ વાડેચા નામના યુવાનની જૂની અદાવતમાં હત્યા કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં દિકરાની હત્યાનો બદલો લેવા પિતા-પુત્રે સેન્ટ્રલ જેલ પાસે મનોજને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાનું જાણવા મળ્યું છે.

આ અંગે પોલીસને જાણ થતા ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મનોજના મૃતદેહને પીએમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. મનોજની હત્યા રાજેશ ટેકવાણી અને તેના પુત્ર રાહુલે કરી હોવાનું જાણવા મળ્યું છે. રાજેશના પુત્ર વિશાલની થોડા સમય પહેલા જ મનોજના કૌટુંબિક ભાઈએ હત્યા કરી હતી.

વલભીપુરના શિક્ષકનું પ્રેરણાદાયી કાર્ય...

જન્મદિન નિમિત્તે ભેટ સ્વરુપે આવેલી ધનરાશિ શહિદ ફંડમાં જમા કરાવી



કારમીરના પુલવા ખાતે ભારતીય સેના પર આતંકવાદી ઠરા ખૂમ મોટો હુમલો કરવામાં આવેલ જયાં ૪૫ જેટલા દેશનાંજવાનોએ રાહાદત વ્હોરી હતી. રતનપુર (ગાયકવાડી)ના વતની અને કે. વ. શા. નં.૧ વલભીપુરમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નિષ્ઠાવાન અને સામાજિક સેવાના કાર્યોમાં જોડાયેલા હસમુખભાઈ મેરનાં પુત્ર ધોરણ-૪માં અભ્યાસ કરતાં દક્ષકુમારનાં। ૧૦-૨-૨૦૧૯નાં જન્મદિનની ઉજવણી કરવામાં આવેલ ત્યારે પુલવાના શાહિદ પરિવારને સહાય કરવા માટે જન્મદિન નિમિત્તે આવેલ તમામ રોકડ ધનરાશિ ૨૫૦૦ વિરત શહીદોના પરિવારની સહાયમાં આપેલ.તાલુકા વિકાસ અધિકારી કે.પી.પરમાર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગોપાલભાઈ મકવાણાએ ૨૫૦૦ રૂપિયાનો ચેક અર્પણ કરવામાં આવ્યો દક્ષભાઈનાં આ સરાહનીય કાર્ય બદલ શાળાનાં આચાર્ય દેવરાજભાઈ ચૌહાણ, નિવૃત્ત ટી.પી.ઈ.ઓ. એમ.જી. ચોહાણ,રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા અજીતભાઈ સોલંકી સહિતના અનેક આગેવાનોએ અભિનંદન પાઠવેલ.

ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન માટે જતા મોરબી જીલ્લાના હળવદ તાલુકાના ૧૪શિક્ષકોની સરા ચોકડી પાસે અટકાયત



હળવદ પોલીસે સવારે ૬.૪૫ કરેલી અટકાયત

ગાંધીનગરમાં ઘેરવા કરી વિરોધ પ્રદર્શન કરવા માટે મોરબીના હળવદ તાલુકાના ૧૪ શિક્ષકો કારના કાફલા સાથે નીકળ્યા હતા.જેમાંથી ૧૪ શિક્ષકોના કારના કફલાને સરા ચોકડીએ અટકાવી દેવામાં આવ્યો હતો અને પોલીસે હળવદના ૧૪ શિક્ષકોની અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ પ્રાથમિક શિક્ષકો તેમના પડતર પ્રશ્ને સરકાર સામે મોરચો માંડીને તબક્કાવાર લડત ચલાવી રહ્યા છે.થોડા સમય અગાઉ મોરબી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ પ્રતીક ધરણા સહિતના અદોલનાત્મક કાર્યક્રમો યોજીને સરકાર સામે વિરોધ પ્રદર્શન કૃયું હતું.દરમ્યાન આજે રાજયભરના પ્રાથમિક શિક્ષકો દ્વારા આજે ગાંધીનગર ખાતે ઘેરાવ કરીને વિરોધ પ્રદર્શન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.તેથી ગાંધીનગરમાં ઘેરાવ કરી વિરોધ પ્રદર્શન કરવામાં માટે હળવદના ૧૪ શિક્ષકો કારના કાફલા સાથે આજે ગાંધીનગર જવા રવાના થયા હતા.જેમાંથી ૧૪ શિક્ષકોના કારના કફલાના સરા ચોકડીએ રોકી લેવામાં આવ્યો હતો.હળવદ પોલીસે શિક્ષકોની અટકાયત કરીને તેમને ગાંધીનગર જવા દેવામાં આવ્યા ન હતા.

ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન માટે જહી રહેલા રાણપુર તાલુકાના શિક્ષકોની રાણપુર પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી



પ્રાથમિક શિક્ષણ સંઘના નેજા હેઠળ પ્રાથમિક શિક્ષકો તેમના પડતર પ્રશ્ને લઈ સરકાર સામે મોરચો માંડીને તબક્કાવાર લડત ચલાવી રહ્યા છે ત્યારે રાજ્યભરના પ્રાથમિક શિક્ષકો દ્વારા આજે ગાંધીનગર ખાતે ઘેરાવ કરીને વિરોધ પ્રદર્શન કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.તેથી ગાંધીનગરમાં ઘેરાવ કરી વિરોધ પ્રદર્શન કરવામાં માટે બોટાદ જીલ્લા ના રાણપુર તાલુકા ના શિક્ષકો ગાંધીનગર જઈ રહ્યા હતા ત્યારે રાણપુર પોલીસ દ્વારા બોટાદ જીલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘ ના પ્રમુખ મહોબ્બતસિંહ ચાવડા,પ્રવિણસિંહ મોરી,હસમુખભાઈ પટેલ,કાદરભાઈ કોઠારીયા,મનુભાઈ પરમાર સહીત અનેક શિક્ષકોની અટકાયત કરીને તમામને રાણપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ ગયા હતા અને ત્યા પણ શિક્ષકો એ સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા

જૂનાગઢ મહાનગરપાલિકાના વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી

જૂનાગઢ

જૂનાગઢ મહાનગર પાલિકા માં હાલ ૨૦ વોર્ડ અને કાઉન્સીરલરોની કુલ ૬૦ બેઠકો નકકી થયેલ છે આગામી સમયમાં જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેમાં સરકારશ્રી તરફથી ૫૦ ટકા સ્ત્રીા અનામતની જોગવાઈ થતા આગામી ચુંટણી માટે સને ૨૦૧૧ની વસતી ગણતરીના આખરી પ્રસીધ્ધ થયેલ આંકડાને આધારે રાજય ચુંટણી આયોગ , ગાંધીનગર દ્વારા તા. ૨૧/૨/૨૦૧૯ના રોજ શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ બહાર પાડવામાં આવેલ છે. જેમાં જુનાગઢ મહાનગરપાલિકામાં ૧૫ વોર્ડ નક્કી કરેલ છે. કાઉન્સીવલરો ની કુલ બેઠક ૬૦ નક્કી કરેલ છે.

જેમા અનામત બેઠકોની સંખ્યા પણ નિયમોનુસાર નિર્ધારિત કરેલ છે. જે આદેશની આજ તા. ૨૧/૨/૨૦૧૯ના રોજ જાહેર પ્રસીધ્ધી કરવામાં આવેલ છે. અને વોર્ડ સીમાંકનના સુચિત વોર્ડના નકશા ધોરણસરની ફી ભરી મહાનગરપાલિકા, જુનાગઢની કચેરીએથી મળી શકશે. આ અંગે કોઈ સલાહ, સુચનો કરવાના હોય તો આદેશ પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં રાજય ચુંટણી આયોગ, બ્લોગક નં.૯ ,છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા તથા એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રી, જુનાગઢ દ્વારા શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી જૂનાગઢ દ્વારા જણાવાયું છે.







ગિરનાર શિવરાત્રી મહાકુંભ મેળા પુર્વે જૂનાગઢમાં અનેરો માહોલ

ભવનાથને ૩૫ ઝોનમાં વહેંચીને રાઉન્ડ ધ ક્લોક સફાઈ માટે કામ કરશે ૬૦૦થી વધું સફાઈ કામદારો- કલેકટર શ્રી ડો.સૌરભ પારધી

ભવનાથમાં લાખો યાત્રિકોની સલામતિ અને સુરક્ષા માટે બાજ નજર રાખવા ગોઠવાશે ૫૫ સીસીટીવી-એસ.પી શ્રી સૌરભ સિંધ

જૂનાગઢ

ગિરનાર શિવરાત્રી કુંભ મેળાને લઈને આજ રોજ જિલ્લા કલેકટર અને પોલીસ વડાએ પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા સાથે વિચાર ગોષ્ઠિ કરીને જરુરુ સૂચનો મેળવ્યા હતા. આ તકે જિલ્લા કલેકટર શ્રી ડો.સૌરભ પારધીએ મેળાને સંદર્ભે વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની રૂપરેખા આપી હતી. જેમાં જણાવ્યું હતું કે, આ મેળામાં અલગ અલગ ખાસ આકર્ષણો રહેશે, જેમાં તા.૨૬ ના રોજ સંતોનો નગરયાત્રાના રૂપમાં નગર પ્રવેશ થશે. તા.૪ માર્ચના રોજ સાધુ સંતોની રવેડી સાથે સમાપન થશે.

વચ્ચેના દિવસો દરમ્યાન ભવનાથમાં આવેલા પ્રકૃતિધામ ખાતે મુખ્ય કાર્યક્રમો યોજાશે. જેમાં શિવની આરાધના પ્રસ્તુત કરતા કાર્યક્રમો સ્થાનિક , રાજયકક્ષા અને રાષ્ટ્રીયકક્ષાના કલાકારો દવારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવશે. લેસર શોથી ગિરનાર પરના વન્ય પ્રાણીઓને વિક્ષેપ નહી થાય તે માટે ખાસ તકેદારી રાખીને આ લેસર શો ભવનાથ ખાતે આવેલ ઝોનલ ઓફિસ નજીકના સ્ટેજ ખાતે બતાવવામાં આવશે. પ્રકૃતિધામ ખાતે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે ધર્મ સભાનું પણ આયોજન કરવામાં આવેલું છે. જેમાં ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ખાસ હાજરી આપશે. ભવનાથ ખાતે યોજાઈ રહેલા આ કુંભ મેળામાં રાજ્ય બહાર એટલે દેશભરમાંથી આવનાર મુખ્ય સંતો માટે ટેન્ટ સીટી ઉભું કરવામાં આવશે. જેમાં ૧૮૭ ટેન્ટ ઉભા કરવામાં આવશે જેનું સંચાલન સંત સંકલન સમિતિ કરશે.

આ તકે મહાપાલિકાની કામગિરી સંદર્ભે ઈન્ચાર્જ કમિશ્નર તરીકે ડો.સૌરભ પારધીએ જણાવ્યું હતું કે, ભવનાથ વિસ્તારને અલગ અલગ ૩૪ ઝોનમાં વહેંચીને સફાઈ , પીવાનું પાણી અને યાત્રાળુઓ માટે સંલગ્ન સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે. જેમાં ૬૦૦થી વધુ સફાઈ કર્મચારી રાઉન્ડ ક્લોક કામગીરી બજાવશે, તેમજ રસ્તાઓ આસપાસ મોબાઈલ ટોયલેટની સુવિધાઓમાં પણ વધારો કરવામાં આવશે. અહીં સ્થિત દામોદર કુંડમાં ભાવિકો દર્શન અને સ્નાન કરી શકે તે માટે શુદ્ધ વહેતુ પાણી ઉપલબ્ધ કરાવાયું છે. જૂનાગઢમાં મેળાનો માહોલ બની રહ્યો છે, શેરનીજયુડી જુદી જાહેર સ્થળોની ઈમારતોની દીવાલો પર મેળાની ભાતીગળ સંસ્કૃતિ અને શિવ આરાધના પ્રસ્તુત કરતા ચિત્રો કંડારવામાં આવ્યા છે.

જિલ્લા પોલીસ વડા શ્રી સૌરભસિંઘે યાત્રાળુઓની સલામતી અને સુરક્ષા માટે એક્શન પલાન તૈયાર કર્યો છે, જેમાં ભવનાથ વિસ્તારમાં સમગ્ર મેળાને ૫૫ જેટલા સીસીટીવી કેમેરાની નજર હેઠળ પોલીસ ૨૪ કલાક બંદોબસ્ત રાખશે. તેમજ યાત્રિકોની સુરક્ષા માટે ત્રણ વોચ ટાવર ઉભા કરવામાં આવ્યા છે.યાત્રાળુઓને અગવડતા ન પડે તે માટે મેળામાં અલગ અલગ પ્રવેશ પોઈન્ટ ઉપર સ્થાનિક અને અનુભવી પોલીસ કાફલો તૈનાત કરવામાં આવશે.

જૂનાગઢ જિલ્લા માં ગિરનાર શિવરાત્રી કુંભમેળામાં સંભવિત કાર્યક્રમ

ઉતરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી શ્રી આદિત્યનાથજી

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી ગિરનાર શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં સંભવિત તા.૧ના ઉતરપ્રદેશના મુખ્ય મંત્રી યોગીશ્રી આદિત્યચનાથજીની અધ્યક્ષતામાં ધર્મસભા બપોરે ૩ થી ૬ કલાક સુધી યોજાશે. જેમાં કન્વીતનર અને સેક્રેટરી જનરલ, હિંદુધર્મ આચાર્યસભા શ્રી પરમાત્માબનંદજી ઉપસ્થીત રહેશે.

મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી ગિરનાર શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં શ્રમ અને રોજગાર, યાત્રધામ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર સંભવિત તા.૨૮/૨/૨૦૧૯ના ૩મરુ યાત્રા (ભવનાથ થી ભૂતનાથ) સાંજે ૪થી ૬ કલાક સુધી, લેસર શો સાજે ૬-૩૦ કલાકે અને શ્રી ભરતભાઈ બારૈયા અને સુશ્રી શિતલબેન બારોટ દ્વારા શિવ આરતી અને શિવઉપાસનામાં ઉપસ્થિઅત રહેશે.

મંત્રીશ્રી બચુભાઈ ખાબડ

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં રાજય કક્ષાના ગ્રામીણ આવાસ, પશુપાલનના મંત્રીશ્રી બચુભાઈ ખાબડ સંભવિત તા. ૨૭ના રોજ ૫૧ લાખ રૂદ્રાક્ષના શીવલીંગના પૂજન કાર્યક્રમમાં સવારે ૧૧- ૩૦ કલાકે, લેસર શોનું ઉદઘાટન સાંજે ૬ કલાકે અને સ્થાનિક કલાકારોના કાર્યક્રમમાં રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી ઉપસ્થિતત રહેશે.

મંત્રીશ્રી ભુપેન્દ્ર સિંહ ચુડાસમા

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં સંભવિત તા.૩ના બપોરે ૩થી ૬ સુધી સંતશ્રી મોરારીબાપુ તથા મહામંડલેશ્વર કૈલાસાનંદજી મહારાજ ,અગ્નિ અખાડાની અધ્યક્ષતામાં ધર્મસભા સાંજે ૬ કલાકે મહાઆરતી, સાંજે ૬-૩૦ કલાકે લેસર શો કાર્યક્રમમાં ઉપસ્થિનત રહેશે.

મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયા

જૂનાગઢ ના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં અન્નય , નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતના મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયા સંભવિત તા.૪ના સાંજે ૬-૩૦ કલાકે લેસર શો, રાત્રે ૧૦ કલાકથી થનાર રવેડીના કાર્યક્રમ તથા હાથ,ઘોડા,બેન્ડનબાજા,અંબાડી ,ડ્રોનથી પુષ્પાવર્ષા કાર્યક્રમમાં ઉપસ્થીત રહેશે.

મંત્રીશ્રી પુરૂષોતમભાઈ રૂપાલા

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં કુષી,ખેડૂત કલ્યાણ અને પંચાયતી રાજ,ના રાજય કક્ષાના મંત્રીશ્રી પુરૂષોતમ રૂપાલા સંભવિત તા.૩ના સંતશ્રી મોરારીબાપુ તથા મહામંડલેશ્વર કેલાસાનંદજી મહારાજ , અગ્નિ અખાડાની અધ્યક્ષતામાં યોજાનાર ધર્મસભા કાર્યક્રમમાં બપોરે ૩થી૬ ઉપસ્થિીત રહેશે., સાંજે ૬ કલાકે મહાઆરતી, સાંજે ૬-૩૦ કલાકે લેસર શો, તથા ૮થી ૧૦ કલાક સુધી પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી,લોકસાહિત્યૂ મર્મજ્ઞ, શ્રીબીરજુ બારોટ, સુશ્રી ગીતાબેન રબારી તથા વાદકવદનો લોકડાયરો કાર્યક્રમમાં ઉપસ્થિ ત રહેશે. .

મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા

જૂનાગઢ ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી ગિરનાર શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં આદિજાતિ વિકાસ, પ્રવાસન વન, મહિલા અને બાળ કલ્યા ણ મંત્રીશ્રી સંભવિત તા. ૧ના ઉતરપ્રદેશના માનનીય મુખ્યકમંત્રીશ્રી યોગીશ્રી આદિત્યયનાથજી ની અધ્યક્ષતામાં સંભવિત્ત યોજાનાર ધર્મસભામાં ઉપસ્થિ ત રહેશે. જેમાં કન્વીશનર અને સેક્રેટરી જનરલ, હિંદુધર્મ આચાર્યસભા શ્રી પરમાત્માશનંદજી ઉપસ્થિાત રહેશે. તથા રાત્રે ૮ થી ૧૦ કલાક સુધી કૈલાશ ખેરના કાર્યક્રમમાં ઉપસ્થિ ત રહેશે.

મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી ગિરનાર શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં પાણી પુરવઠો, ગ્રામ ગહ નિર્માણ અને પશુપાલન મંત્રીશ્રી કુંવરજી બાવળિયા સંભવિત તા. ૨ ના બપોરે ૩ થી ૬ સુધી દીદીમાં સાધ્વીતજી ઋતંભરાજીની અધ્યસક્ષતામાં ધર્મસભા કાર્યક્રમમા ઉપસ્થિથત રહેશે. તથા સાંજે ૬ કલાકે લેસર શો કાર્યક્રમ, રાત્રે ૮ થી ૧૦સુધી શ્રી કીર્તીદાન ગઢવી, ભજન સમ્રાટ તથા શ્રી માયાભાઈ આહિર, હાસ્ય કલાકાર તથા લોકડાયરામાં ઉપસ્થિ ત રહેશે

મંત્રીશ્રી આર. સી .ફળદુ

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં કષિ,ગ્રામવિકાસ, મત્યોથ ખ ધોગ,પશુપાલન,વાહન વ્ય.વહાર મંત્રીશ્રી આર સી ફળદુ સંભવિત તા.૨૮ના ૩મરુ યાત્રા (ભવનાથ થી ભૂતનાથ) સાંજે ૪થી ૬ કલાક સુધી, લેસર શો સાજે ૬-૩૦ કલાકે અને શ્રી ભરતભાઈ બારૈયા અને સુશ્રી શિતલબેન બારોટ દ્વારા શિવ આરતી અને શિવ ઉપાસના કાર્યક્રમમાં ઉપસ્થિરત રહેશે.

મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં રાજય કક્ષાના, મહિલા અને બાળ કલ્યાસણ,શિક્ષણ (પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ) અને યાત્રાધામ વિકાસના મંત્રીશ્રી શ્રીમતી વિભાવરીબેન દવે નો સંભવિત કાર્યક્રમ તા.૨ના બપોરે ૩ થી ૬ સુધી દીદીમાં સાધ્વીસજી ઋતંભરાજીની અધ્યાક્ષતામાં ધર્મસભા કાર્યક્રમમાં, સાંજે ૬ કલાકે લેસર શો, રાત્રે ૮ થી ૧૦ સુધી શ્રી કીર્તીદાન ગઢવી, ભજન સમ્રાટ તથા શ્રી માયાભાઈ આહિર, હાસ્ય કલાકાર તથા લોકડાયરામાં ઉપસ્થિશત રહેશે.

સંતશ્રી મોરારીબાપુ

તા.૨૧ જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં સંતશ્રી મોરારીબાપુ સંભવિત તા. ૩ના રોજ ભવનાથમાં ગિરનાર શિવરાત્રી કુંભમેળામાં ઉપસ્થિથત રહેશે.

દીદીમા સાધ્વીજી ઋતંભરાજી

જૂનાગઢ ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯થી તા.૪/૩/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં દીદીમાં સાધ્વી૨જી ઋતંભરાજી સંભવિત તા.૨ના રોજ શિવરાત્રી કુંભમેળામાં ઉપસ્થિ/ત રહેશે.

રાજયપાલશ્રી

જૂનાગઢના ભવનાથ ખાતે તા.૨૬/૨/૨૦૧૯ થી તા.૪/૨/૨૦૧૯થી શિવરાત્રી કુંભ મેળો યોજાશે.જેમાં સંભવિત તા. ૨૭ ના રાજયપાલશ્રી ઓ.પી.કોહલી સવારે ૦૯ કલાકે ધ્વકજારોહણ કાર્યક્રમમાં ઉપસ્થિનત રહેશે. સવારે ૧૧ કલાકે ભવનાથ પ્રવેશદ્વારનું ઉદઘાટન કરશે, તથા સવારે ૧૧- ૩૦ કલાકે ૫૧ લાખ રુદ્રાક્ષના શિવલીંગનું પુજનમાં ઉપસ્થિભત રહેશે.











તંત્રી સ્થાનેથી...

પાક ત્રાસવાદી કેન્દ્ર છે

જમ્મુકાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા પર ભીષણ ત્રાસવાદી હુમલા બાદ ફરી એકવાર આ બાબત સાબિત થઈ ગઈ છે કે પાકિસ્તાનમાં ત્રાસવાદીઓ અને ત્રાસવાદના આકાઓ સલામત છે. આ લોકો ત્યાં બેસીને તેમના લોકોને મોટા હુમલા કરવા માટે સુચના આપતા રહ્યા છે. હાલમાં કરાયેલા હુમલામાં ૪૦ જવાન શહીદ થયા હતા. પુલવામા હુમલા બાદ દુનિયાના દેશો એક મત થઈ રહ્યા છે. પાકિસ્તાન ત્રાસવાદનુ કેન્દ્ર છે તે બાબત ફરી સાબિત થઈ છે. ત્રાસવાદને લઈને અમેરિકા સહિતના દેશોની પક્ષપાતી નિતીના કારણે આજે ત્રાસવાદે દુનિયાના દેશોમાં નેટવર્ક જમાવી લીધુ છે. પાકિસ્તાન ત્રાસવાદીઓના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી ચુક્યુ છે.પાકિસ્તાનમાં નવી સરકાર ઈમરાન ખાનની સરકાર સામે ત્રાસવાદને ખતમ કરવાનો પડકાર સૌથી મોટો પડકાર છે. પાકિસ્તાનમાં હાલમાં પુરતા પગલા ત્રાસવાદીઓ સામે લેવામાં આવી રહ્યા નથી જેથી સ્થિતી વધારે વણસી રહી છે. પાકિસ્તાનમાં તમામ કુખ્યાત ત્રાસવાદીઓ આકા જાહેરમાં નજરે પડે છે છતાં તેની સામે કોઈ પગલા લેવામાં આવી રહ્યા નથી. બીજી બાજુ અમેરિકા સહિતના દેશો પાકિસ્તાન પર એટલુ દબાણ લાવી શક્યા નથી કે તેને પગલા લેવાની ફરજ પડે. જેથી ત્રાસવાદીઓને વધારે રાહત મળી ગઈ છે. અમેરિકા સહિતના દેશોના દબાણને કોઈ મહત્વ પાકિસ્તાન આપી રહ્યુ નથી. પાકિસ્તાન સરકારના દશકોથી આ પ્રકારના વલણના કારણે આજે પાકિસ્તાન વૈશ્વિક ત્રાસવાદીઓ માટે મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી ચુક્યુ છે અને દુનિયાભરના મોટા ત્રાસવાદીઓ અને આતંકવાદીઓ પાકિસ્તાનમાં છુપાયેલા છે. જંગી ઈનામ ધરાવનાર ત્રાસવાદીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. ભારત અને અમેરિકા દ્વારા આપવામાં આવેલા પુરાવા તરફ પણ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. હાલના વર્ષોમાં ચીનના વલણને જોતા એક બાબત સ્પષ્ટ છે કે ભારતને હવે વધારે એલર્ટ રહેવાની તાકીદની જરૂર છે. કારણ કે ચીન જેવા દેશો પણ હાફિઝ સઈદના મામલે ભારતને સાથ આપવા માટે તૈયાર નથી. ભારતને કેટલાક મોરચે એક સાથે લડવાની જરૂર દેખાઈ રહી છે. ભારત સરકાર છેલ્લા કેટલાક વર્ષોથી પાકિસ્તાનને વૈશ્વિક મંચ પર એકલુ પાડી દેવામાં સફળ રહ્યુ છે પરંતુ હજુ કેટલાક પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓના કેમ્પ ચાલી રહ્યા છે. ભારતમાં વારંવાર થતા હુમલાને રોકવા માટે વધારે એલર્ટ થવાની જરૂર દેખાઈ રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી હુમલા થતા રહ્યા છે. પરંતુ હવે એવી નિતી અપનાવવાની જરૂર છે કે જો કોઈ હુમલો સરહદ પારથી થાય છે તો તેનો યોગ્ય જવાબ આપવામાં આવે. ભારતીય સેનાને ત્રાસવાદી ગતિવિધીને રોકવા માટે જો જરૂર પડે તો સરહદ પાર કરીને પણ કાર્યવાહી નિર્ણાયક રીતે કરવી જોઈએ. થોડાક વર્ષો પહેલા ભારતે સર્જિકલ હુમલા કરીને ખળભળાટ મચાવી દીધો હતો. વૈશ્વિક સ્તર પર ભારતે તેની તાકાતનો પરિચય આપ્યો હતો. આવી કાર્યવાહી કરવામાં ખચકાટ અનુભવ કરવાની કોઈ જરૂર નથી.જાય છે.

સરકારની છાપને સુધારવા માટે ઈમરાન ખાનને ત્રાસવાદી સામે પગલા લેવા પડશે

લોકસભા ચૂંટણી : દરેક પાર્ટી દાવપેંચ રમવામાં વ્યસ્ત બની ગઈ...

મિશન-૨૦૧૯ : બેઠક વહેચણી સમસ્યા



સપા-બસપ વચ્ચે ઉત્તરપ્રદેશમાં બેઠક વહેંચણીની પ્રક્રિયા પૂર્ણ થઈ હોવા છતાં હજુ કેટલાક પડકારો : ભાજપ પોતે પણ ભારે દુવિધામાં છે

ટુંક સમયમાં હવે યોજાનાર લોકસભા ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો તૈયારીમાં છે. જો કે તમામ રાજકીય પક્ષોની સામે સૌથી મોટી સમસ્યા બેઠકોની વહેંચણીને લઈને રહેલી છે. ભાજપ અને કોંગ્રેસ સામે આ સમસ્યા વધારે ગંભીર છે. સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી દ્વારા કોણ કઈ બેઠકો પર ચૂંટણી લડશે તે બાબત નક્કી કરી લેવામાં આવી છે છતાં સમસ્યા હજુ અકબંધ રહી શકે છે. લોકસભા ચૂંટણીમાં જીત મેળવવા માટે દરેક રાજકીય પક્ષ અને દરેક ગઠબંધન દ્વારા જોરદાર તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. તમામ રાજકીય પક્ષો પોત પોતાની ગણતરી કરી રહ્યા છે. મોટી મોટી મહત્વકાંક્ષાના કારણે દરેક પાર્ટી સામે બેઠકની વહેંચણીની સમસ્યા ઉભી થાય તેમ માનવામાં આવે છે. રાજકીય પંડિતો પણ નક્કરપણે માને છે કે ચૂંટણીમાં બેઠકોની વહેંચણી તમામ માટે માથાના દુખાવા સમાન રહેનાર છે. કોઈ પાર્ટી પોતાના અસ્તિત્વને લઈને જોખમ લેવા માટે તૈયાર નથી. ખાસ કરીને મોટી પ્રાદેશિક પાર્ટીઓ ભાજપ અને કોંગ્રેસ માટે સમસ્યા ઉભી કરી શકે છે. મોટી પાર્ટીઓ નવા ગઠબંધન બનાવવા માટેના પ્રયાસમાં છે. જો કે તેમની સાથે બેઠકોની વહેંચણી મુખ્ય સમસ્યા તરીકે આવી રહી છે. પહેલા જે રાજ્યોમાં ભાજપજુનિયર પાર્ટનર તરીકે છે ત્યારે પાર્ટીએ તેમની સ્થિતી ખુબ મજબુત બનાવી છે. આવી સ્થિતીમાં ક્ષેત્રીય પાર્ટીઓ માટે પડકારો વધી ગયા છે. જે પાર્ટી ભાજપની વિરુદ્ધમાં છે તેમના માટે સૌથી મોટી બાબત બીજા પક્ષો સાથે બેઠકોને લઈને તાલમેલ બેસાડી દેવાની છે. સાથે સાથે મતભેદો દુર કરીને કઈ રીતે આગળ વધવામાં આવે તે પણ સમસ્યા છે. એવી પણ પાર્ટીઓ છે જેમની મુખ્ય વિરોધી પાર્ટી કોંગ્રેસ પાર્ટી છે. સાથે સાથે આ પાર્ટી એવા કોઈ ગઠબંધનમાં સામેલ થઈ શકે નહીં જ્યાં કોંગ્રેસ પણ અંદર છે. કેટલાક પક્ષો હજુ પત્તા ખોલવા માટે બિલકુલ તૈયાર નથી. તમામ પાર્ટીઓ સ્થિતીની સમીક્ષા કર્યા બાદ જ કોઈ નવી જાહેરાત કરનાર છે. જેટલી વધુ સીટ જીતી શકાય તેટલી સીટ માટે ખાતરી કરવામાં આવી રહી છે. રાજ્યવાર ચિત્ર પર નજર કરવામાં આવે તો જોઈ શકાય છે કેરાજકીય રીતે ખુબ ઉપયોગી ગણાતા અને કેન્દ્રમાં સત્તામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ સીટો છે. જે પૈકી ભાજપ પાસે ૭૧ સીટ છે અને અપના દળની બે સીટો છે. સમાજવાદી પાર્ટીની પાંચ અને કોંગ્રેસની માત્ર બે સીટો છે. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં માયાવતીને મરણતોળ ફટકો પડ્યો હતો. કારણકે તેમની પાર્ટી બહુજન સમાજ પાર્ટીનુ ખાતુ પણ ખુલ્યુ ન હતુ. વર્ષ ૨૦૧૭માં વિધાનસભા ચૂંટણીમાં પણ એનડીએ દ્વારા જોરદાર સપાટો બોલાવી દેવામાં આવ્યો હતો. જ્યારે એનડીએને ૪૦૩ સીટ પૈકી ૩૨૫ સીટ મળી હતી. સમાજવાદી પાર્ટી, બસપ અને આરએલડીને આના કારણે એક સાથે આવવાની ફરજ પડી રહીછે. તમામ પાર્ટીની હાલત કફોડી બનેલી છે. વર્ષ ૨૦૧૯માં બેઠકોની વહેંચણી મોટી સમસ્યા છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં બહુજન સમાજવાદી પાર્ટી ૩૪ સીટ પર બીજા સ્થાને રહી હતી. સમાજવાદી પાર્ટી ૩૧ સીટો પર બીજા સ્થાને રહી હતી. કોંગ્રેસ પાર્ટી છ સીટ પર બીજા સ્થાને રહી હતી. આવી સ્થિતીમાં તમામ સામે સમસ્યા રહી શકે છે. મહારાષ્ટ્રની ૪૮ સીટની વાત કરવામાં આવે તો ભાજપને ૨૨ સીટો મળી હતી. સિવસેનાને ૧૮ અને એનસીપીને છ સીટ મળી હતી. ભાજપ અને શિવસેનાને સત્તા વિરોધી લહેરનો સામનો કરવો પડનાર છે. વર્ષ ૨૦૧૯માં બન્ને ૨૦૧૪ની જેમ જ સાથે મેદાનમાં ઉતરી શકે છે. પશ્ચિમ બંગાળની ૪૨ લોકસભા સીટ પર ચૂંટણી નિર્ણાયક રહી શકે છે. વર્ષ ૨૦૧૪માં તૃણમુળ કોંગ્રેસને ૩૪ સીટ મળી હતી. કોંગ્રેસને ચાર સીટો મળી હતી. ભાજપ અને ડાબેરીઓને બે બે સીટ મળી હતી. બંગાળમાં પણ કોંગ્રેસ અને મમતા વચ્ચે જોડાણની શક્યતા દેખાઈ રહીછે. જો કે મમતા કેટલી બેઠક કોંગ્રેસને આપી શકે છે તે બાબત ઉપયોગી રહેશે. કોંગ્રેસને વર્ષ ૨૦૧૪માં ચાર સીટ મળી હતી. ભાજપ ૨૦થી વધારે સીટ જીતવા માટે ટાર્ગેટ ધરાવે છે. ભાજપ અને મમતાના મુખ્ય વિરોધ પક્ષ તરીકે છે. બિહારમાં ચિત્ર રોમાંચક બનનાર છે. ૨૦૧૪માં ભાજપને ૨૨ અને એલજેપીને છ સીટ મળી હતી. આરએલએસપીને ત્રણ સીટ મળી હતી. એકલા હાથે ચૂંટણી લડનાર જેડીયુને માત્ર બે સીટ મળી હતી. આરજેડીને ચાર અને કોંગ્રેસને કોઈ સીટ મળી ન હતી. આરજેડીનુ નેટવર્ક વધ્યુ છે. કારણ કે તેમની સાથે યાદવ અને મુસ્લિમ મતદારો રહેલા છે. જેડીયુ તમામ વિકલ્પ પણ વિચારે છે. નીતિશે ભાજપ અને લાલુ યાદવ સાથે સંબંધ બરોબર રાખ્યા છે. કર્ણાટક,આંધ્રપ્રદેશ, ઝારખંડ અને તેલંગાણાની ચૂંટણી પણ નિર્ણયક રહી શકે છે. તમામ જગ્યાએ બેઠકોની વહેંચણીને લઈને મોટી સમસ્યા જોવા મળી રહી છે.

પોતાના નાણાં ક્યાં રોકવામાં આવે તે પ્રશ્ન તમામને સતાવે છે...

મ્યુચ્યુઅલ ફંડ અને મુડીરોકાણ



મ્યુચ્યુઅલ ફંડ યોગ્ય છે કે કેમ તે અંગેનો ફેસલો તો એ દરેક રોકાણકાર કરી શકે છે જે જોખમ ઉઠાવવાની પોતાની ક્ષમતાને ઓળખી કાઢે છે

મુડીરોકાણકારોની સામે હાલના સમયમાં સામાન્ય રીતે પ્રશ્ન એ થાય છે કે તે પોતાના નાણાંનુ રોકાણ તે ક્યાં કરે જેના કારણે તેની સંપત્તિમાં વધારો થઈ શકે. રિયલ એસ્ટેટમાં કોઈ દમ રહ્યો નથી. શેરબજારમાં પણ હાલમાં પ્રવાહી સ્થિતી પ્રવર્તી રહી છે. કારોબારી વધારે રોકાણ કરવા માટે હિમ્મત કરી રહ્યા નથી. ખરાબ સમયના સાથી તરીકે ગણાતા સોનાની સપાટી હવે એવા સ્તર પર પહોંચી ગઈ છે જ્યાંથી તેની કિંમતમાં ઘટાડો થવાની જ આશંકા વધારે દેખાઈ રહી છે. ફિક્સ્ડ ડિપોઝીટના દરો પણ હાલમાં આકર્ષિત રહ્યા નથી. સાથે સાથે પાકતી રકમ પર ટેક્સ પણ લાગુ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં માત્ર મ્યુચ્યુઅલ ફંડ જ રહી જાય છે. જેનો પ્રચાર હાલમાં જોરદાર રીતે કરવામાં આવી રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ સહી હે તો સ્લોગન હાલમાં ચારેબાજુ જોવા મળે છે. મોટા ભાગના લોકો એમ વિચારીને મ્યુચ્યુઅલ ફંડમાં નાણાં લગાવી દે છે કે હકીકતમાં ફંડ મેનેજર એવા શેરમાં અથવા તો ડેટમાં પૈસા લગાવી રહ્યા હશે જેમના કારણે તેમને ખુબ વધારે ફાયદો થશે. મ્યુચ્યુઅલ ફંડ સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઈપી) ખાતામાં સમગ્ર દેશમાંથી આશરે ૨.૨૯ લાખ કરોડ રૂપિયા લગાવી દેવામાં આવ્યા છે. એકલા જુન મહિનામાં જ ૭૫૫૬ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા છે. જે રકમ દર્શાવે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં હાલમાં સમયમાં કેટલા મોટા પાયે રોકાણ કરવામાં આવી રહ્યુ છે. ભલે રોકાણના આ માધ્યમની લોકપ્રિયતા હાલમાં આસમાન પર છે પરંતુ આ કડવી વાસ્તવિકતાને નજર અંદાજ કરી શકાય નહીં કે તેમાં પણ તમામ પ્રકારના જોખમ રહેલા છે. કેટલાક ફંડ નુકસાનમાં પણ પહોંચી ચુક્યા છે. હકીકતમાં ભારતમાં રોકાણનુ સ્વરૂપ એવુ છે કે જ્યારે લોકો રોકાણ કરે છે ત્યારે એક જ સેક્ટરમાં સતત રોકાણ કરવામાં આવે છે. આક્રમક જાહેરાતો અને રોકાણના મર્યાદિત સાધનો હોવાના કારણે રોકાણકારોને રોકાણના આ માધ્યમમાં નફો વધારે હોવાની બાબત દેખાઈ રહી છે. કમીશનના કારણે રોકાણ સલાહકારો પણ હવે લોકોને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. જેના કારણે મ્યુચ્યુઅલ ફંડનુ નેટવર્ક સતત વધી રહ્યુ છે. હવે આંકડા કઈ જુદી વાત કરી રહ્યા છે. એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક મ્યુચ્યુઅલ ફંડ નુકસાનમાં જતા રહ્યા છે. કેટલાક આઈપીઓ બચાવવા માટેના ચક્કરમાં પડીને પોતાના પૈસા ગુમાવી ચુકયા છે. બગડી ગયેલી સ્થિતીમાં આવા ફંડ મેનેજરોની રોકાણકારોને આકર્ષિત કરવાના પ્રયાસના કારણે બજાર નિયામક સેબીને પણ નજર રાખવાની ફરજ પડી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓએ ગ્રાહકોને લાલચ આપવા અને એમ કહીએ કે તેમને ભ્રમિત કરવા માટે કેટલાક ફંડા રજૂ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે બજારમાં ભ્રમની સ્થિતી ઉભી થઈ ગઈ છે. થોડાક દિવસ પહેલા એક બિન સરકારી બેંક સહાયક કંપનીના આઈપીઓને મુશ્કેલીમાંથી બહાર કાઢવા માટે જે રીતે ૫૦થી વધારે મ્યુચ્યુઅલ ફંડના પૈસા તેમાં લગાવી દેવામાં આવ્યા હતા અને આઈપીઓના નબળા લિસ્ટિંગપર શેર નુકસાનમાં પહોંચી ગયા બાદ મ્યુચ્યુઅલ ફંડ હાઉસ તેને વેચીને બહાર નિકળ્યા તેના કારણે રોકાણકારોને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. એકબાજુ મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓ દાવો કરે છે કે તે ખુબ ગંભીરતાપૂર્વક વિચારીને ગ્રાહકોના પૈસા રોકે છે. બીજી બાજુ આ કડવી વાસ્તવિકતા છે કે પોતાની જરૂરિયાતો અને વેપારી સંબંધો ટકાવી રાખવા માટે તેઓ પણ રોકાણ કરેછે. ફંડ હાઉસ રોકાણના સમય ખુશ અને આશાવાદી તો દેખાય છે પરંતુ પરંતુ નુકસાન થવા અથવા તો ઈચ્છિત લાભ ન હોવાની સ્થિતીમાં તેમનો ભાર આ બાબત પર આધારિત હોય છે કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ જોખમી હોય છે. આવુ તેની જાહેરાતમાં પણ સ્પષ્ટ રીતે દર્શાવાય છે. જો મ્યુચ્યુઅલ ફંડ કંપનીઓના દાવા સાચા રહ્યા હોત તો મોટી સંખ્યામાં ફંડ નુકસાનમાં જતા રહ્યા ન હોત. વાસ્તવિકતા એ છે કે ફંડ મેનેજર પણ ખોટા સમયમાં ખોટા શેરની ખરીદી કરે છે અને વેચે છે. એટલુ જ નહીં કેટલીક વખત તેમના નિર્ણય કોઈ અન્ય નાણાંકીય સંસ્થાને બચાવી લેવા માટે હોય છે. જેના કારણે નુકસાનની પૂર્ણ સંભાવના હોય છે. શેરબજારમાં રહેતા ઉતારચઢાવની સ્થિતી અંગે યોગ્ય ગણતરી કરવાની બાબત ફંડ મેનેજર માટે શક્ય નથી.

સિજેરિયન ડિલિવરીમાં વધારો

દુનિયાભરમાં સિજેરિયન ડિલિવરીની બોલબાલા વધી રહી છે. ભારતમાં પણ સ્થિતી અલગ નથી. એક દશકના ગાળા દરમિયાન દેશના શહેરી ક્ષેત્રમાં સિજેરિયન ડિલિવરીની સંખ્યા બે ગણી થઈ ગઈ છે. આ અંગેનો ખુલાસો મુંબઈ સ્થિત ઈન્ટરનેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પોપ્યુલેશન સાયન્સના અભ્યાસમાં કરવામાં આવ્યો છે. શોધમાં લાગેલા નિષ્ણાત લોકોએ નેશનલ ફેમિલી હેલ્થ સર્વેના આંકડાનો પણ ખુલાસો કર્યો છે. સાથે સાથે આ આંકડાનો ઉપયોગ પણ કર્યો છે. આંકડામાં દર્શાવવામાં આવ્યુ છે કે ભારતની વાત કરવામાં આવે તો ૧૭ ટકા મહિલાઓએ વર્ષ ૨૦૧૫-૧૬માં સિજેરિયન ડિલિવરી કરાવી છે. આ આંકડો વર્ષ ૨૦૦૫-૦૬માં માત્ર ૦૯ ટકાની આસપાસ હતો. સિજેરિયન ડિલિવરીમાં વધારો વૈશ્વિક પ્રવૃતિ છે. જેને એવી મહિલાઓ પણ પસંદ કરી રહી છે જેની તેમને જરૂર નથી. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠનના અધિકારીઓ અને નિષ્ણાંતોનુ કહેવુ છે કે કોઈ પણ દેશની મહિલાઓમાં સિજેરિયન ડિલિવરીનો આંકડો તેમની કુલ સંખ્યાના ૧૫ ટકા કરતા વધારે છે. દુનિયામાં વર્ષ ૨૦૦૦માં ૧૨ ટકા સિજેરિયન ડિલિવરી થઈ હતી. વર્ષ ૨૦૧૫માં આ આંકડો ૨૧ ટકા થઈ ગયો હતો. ક્યા દેશોમાં સૌથી વધારે પ્રમાણમાં સિજેરિયન ડિલિવરી કરવામાં આવી છે તે અંગે ધ્યાન આપવામાં આવે તો કહી શકાય છે કે ડોમેનિક રિપબ્લિક દેશમાં સિજેરિયનનો આંકડો ૫૮.૧ ટકા રહ્યો છે. જ્યારે બ્રાઝિલમાં આ ટકાવારી ૫૫.૫ ટકા રહી છે. ઈજિપ્તમાં આ ટકાવારી ૫૫.૫ ટકા રહી છે. અમેરિકામાં આ ટકાવારી ૩૨.૯ ટકા રહી છે. પ્રસુતિ નિષ્ણાંતો કહે છે કે સિજેરિયન ડિલિવરી વેળા ટાંકા પર સાવધાનીપૂર્વક નજર રાખવાની જરૂર પડે છે. કારણ કે ઈન્ફેક્શનનો ખતરો રહે છે. જે માતાઓ સિજેરિયન ડિલિવરી બાદ બીજી વખત ગર્ભાવસ્થામાં સામાન્ય પ્રસવના વિકલ્પને પસંદ કરે છે તેમના ગર્ભાશય ફાટી જવાનો ખતરો રહે છે. હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સિજેરિયન ડિલિવરીના પ્રત્યે વધતા ઝોંકના કેટલાક કારણો રહેલા છે. જેમાં એક કારણ પ્રસવ દરમિયાન થતી પિડા પણ સામેલ છે. જટિલતાથીં મુક્તિ પણ હોય છે. કેટલાક તબીબો પ્રસવ નિષ્ફળ ગયા બાદ કેસથી બચવા માટે સિજેરિયન ડિલિવરીના સુચન કરી દે છે. સામાન્ય પ્રસવની સરખામણીમાં સિજેરિયન માટે માત્ર આઠથી દસ કલાક સુધી ભરતી થવાની જરૂર હોય છે.

વર્ષ-૨૦૧૮ દરમ્યાન આ કાયદા હેઠળ ૨૫ ગુના નોંધવામાં આવ્યા

જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના કિસ્સામાં ૧૦ વર્ષ સુધીની કેદની જોગવાઇ

ગાંધીનગર

જાહેર સંપત્તિને નુકશાન પહોંચાડવાના કિસ્સાઓમાં ભારત સરકારના ધી પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપટી એકટ-૧૯૮૪ની જોગવાઇ મુજબ ૧૦ વર્ષસુધીની કેદની સજા અને દંડની જોગવાઇ છે. ગુજરાતમાં વર્ષ-૨૦૧૮ દરમિયાન આ કાયદા હેઠળ ૨૫ ગુના નોંધવામાં આવ્યા છે. રાજયમાં આ કાયદાનું અસરકારક અમલીકરણ થઇ રહ્યુ છે,એમ ગૃહ રાજય પ્રધાન પ્રદિપસિંહ જાડેજાએ વિધાનસભા ગૃહમાં આ અંગે માહિતી આપી હતી.

ગુજરાતમાં જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબતના ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદીના બિન સરકારી વિધેયક પરની ચર્ચાનો જવાબ આપતા પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતુંકે, વિધેયકમાં રજૂ કરાયેલી જોગવાઇ કરતાં પણ વર્તમાનમાં અમલી કાયદામાં સજાની જોગવાઇ વધુ કડક છે. તેમણે જણાવ્યું હતું કે, જાહેર સંપત્તિને નુકશાન કરે તો પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઇ છે. પાણી, લાઇટ, અગત્યના ઓઇલ-પેટ્રોલ ઇન્સ્ટોલેશન,બિલ્ડીંગ, ગટર,ખાણ, ફેકટરી, જાહેર પરિવહન,ટેલિકોમ્યુનિકેશન્સના સ્ટ્રકચરને નુકશાન પહોંચાડવાના કિસ્સાઓમાં ઓછામાં ઓછી ૬ માસની અને વધુમાં વધુ પાંચ વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઇ છે.

જાહેર મિલકતને સળગાવી દેવાના અથવા વિસ્ફોટોથી નુકશાન પંહોચાડવાના કિસ્સામાં ઓછામાં ઓછામાં ઓછી ૧ વર્ષની અને વધુમાં વધુ ૧૦ વર્ષ સુધીની કેદની સજા અને દંડની જોગવાઇ કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ પ્રકારના ગુના કરતાં પકડાયેલા આરોપી કસ્ટડીમાં હોય તો પ્રોસીકયુશનને રજૂઆતની તક આપ્યા સિવાય તેના જામીનપણ મંજૂર કરી શકાતા નથી.

પ્રદિપસિંહ જાડેજાએ વર્ષ-૨૦૧૮માં રાજયમાં આ કાયદા હેઠળ નોંધાયેલ ગુનાની વિગતો આપતાં કહ્યું હતું કે,અમદાવાદ શહેરમાં ૦૩,રાજકોટશહેરમાં૦૨,સુરત શહેર ૦૨,અમરેલી જિલ્લામાં ૦૫,ભાવનગર જિલ્લો ૦૪,બોટાદ જિલ્લો ૦૩,દાહોદ જિલ્લો ૦૧,દેવભૂમિ દ્વારકા ૦૧,જામનગર જિલ્લો ૦૧,જૂનાગઢ ૦૨, કચ્છ(પશ્ચિમ) ૦૧ એમ કુલ ૨૫ ગુના નોંધાયા છે. રાજયમાં હાલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ છે. રાજય સરકાર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી અને શાંતિ અને સલામતીની જાળવણી માટે સંપૂર્ણપણે પ્રતિબધ્ધ છે.

સુરત જિલ્લાના ૭૮,૧૦૯ ખેડૂત કુટુંબોએ ડિજીટલ ગુજરાત પોર્ટલ અરજી કરી

સુરત

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોની આવક વધારવાના ભાગરૂપે નાના અને સીમાંત ખેડૂત પરિવારને સહાયરૂપ થવા માટે "પ્રધાનમંત્રી કિસાન સમાન નિધિ (PM-KISAN) યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાનો અંતર્ગત સુરત જિલ્લામાં ગુજરાત પોર્ટલ ઉપર ૭૮,૧૦૯ ખેડૂત કુટુંબોની ઓનલાઈન નોંધણી કરવામાં આવી છે. આ યોજના હેઠળ કુલ ૨(બે) હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂત કુટુંબને પ્રતિ વર્ષ રૂપિયા ૬૦૦૦/- ત્રણ સમાન હપ્તામાં સહાય ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) માધ્યમથી મળવાપત્ર થશે. પ્રથમ હપ્તા તરીકે તારીખ ૦૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો સમયગાળો રહેશે. આ યોજના હેઠળ જમીનધારક કુટુંબ એટલે કે પતિ, પત્નિ અને સગીર બાળકો (અઢાર વર્ષથી ઓછી વયના) કે જેઓ સંયુક્ત રીતે પોતાની બેહેક્ટર સુધી ખેડાણલાયક જમીન ધરાવતા હોય તેઓ આ યોજનાનો લાભ મેળવી શકશે.

આતંકીઓને જડબાતોડ જવાબ આપવાનો સમય પાકી ગયો છે: મોરારિ બાપુ



વડોદરા

વડોદરા શહેરમાં આજે સ્વાતંત્ર્ય સેનાની અને મહાગુજરાતના પ્રણેતા ઇન્દુચાચાની ૧૨૭મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જાણીતા કથાકાર મોરારી બાપુએ જમ્મુ કાશ્મીરના પુલવામામાં થયેલા આતંકવાદી હુમલા અંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન મોદીએ પુલવામાની ઘટના પછી કરેલા પ્રવચનોમાં જણાવ્યું હતું કે, આતંકવાદી હુમલાનો જવાબ આપવામાં આવશે. જેથી હવે દેશની ૧૩૦ કરોડની જનતાની લાગણીને ધ્યાનમાં રાખીને આતંકવાદીઓને જવાબ આપવાનો સમય પાકી ગયો છે.

કથાકાર મોરારી બાપુએ જણાવ્યું હતું કે, જમ્મુ કાશ્મીરના પુલવામાની ઘટના તમામ દ્રષ્ટીકોણથી નિંદનીય છે. પુલવામામાં ૪૦ જવાનોની આંખો મિચાઇ ગઇ છે. પરંતુ, તેની સાથે દેશની ૧૩૦ કરોડની જનતાની આંખો હવે ખુલી ગઇ છે. પહેલાના સમયમાં થઇ ગયેલા મહાત્મા ગાંધી, ઇન્દુચાચા, સરદાર વલ્લભભાઇ પટેલ જેવા નેતા ઊંચુ માથુ રાખતા હતા. પરંતુ તેઓના પગ જમીન ઉપર રહેતા હતા. વર્તમાન સમાજના નેતાઓને તેમની સમકક્ષ આવવું હોય તો ભલે માથું ઊંચુ રાખે. પરંતુ તેમના પગ પાતાળમાં રાખવા જોઇએ. તો જ છેવાડાના માનવી સુધી તેઓ કામ કરી શકશે.

૨૦૧૮માં સૌથી વધુ કેસ નોંધાયા

ભ્રષ્ટાચાર..!! એસીબીની રેઇડમાં દર ત્રીજા દિવસે ક્લાસ ૧-૨ કર્મચારી ઝડપાયા

સૌથી વધુ ભ્રષ્ટાચારના આરોપી કૃષિ વિભાગમાં, કૃષિ અને સહકાર વિભાગના ૨૬૦ કર્મચારી રેઇડમાં ઝડપાયા જ્યારે ગૃહ વિભાગના ૧૩૭ કર્મચારી ગત વર્ષે ઝડપાયા

ગાંધીનગર

ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ અને સાશનની ગુલબાંગોની વચ્ચે રાજ્યની લાંચ રૂશ્વત વિરોધી શાખા (ACB)એ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાંથી પાછલા વર્ષમાં દર ત્રીજા દિવસે વર્ગ ૧-૨ના કર્મચારીને ભ્રષ્ટાચારના આક્ષેપમાં ઝડપ્યા છે. એસીબીના ડેટા મુજબ, ગત વર્ષે વર્ગ ૧-૨ના ૧૨૩ કર્મચારીઓને ગત વર્ષે એસીબીએ ઝડપી પાડ્યા છે.

એસીબીના ડેટા મુજબ વર્ષ ૨૦૧૮માં સૌથી વધારે આરોપીએ કૃષિ વિભાગના છે, જેમાના પર ભ્રષ્ટાચારનો આક્ષેપ છે. આવા આરોપીની સંખ્યા રાજ્ય ના કૃષિ અને સહકાર વિભાગમાં ગત વર્ષે ૨૬૦ હતી. જ્યારે ગૃહ વિભાગના ૧૩૭ કર્મચારી પર ગત વર્ષે ભ્રષ્ટાચાર લેવાની ફરિયાદ નોંધાઈ છે, પંચાયત અને આવાસ નિર્માણ વિભાગના ૫૮ અધિકારીઓ ગત વર્ષે આરોપી હતા, જ્યારે કેન્દ્ર સરકારના ૪૦ આરોપી પર ભ્રષ્ટાચારનો આક્ષેપ છે.

એસીબીના આંકડા મુજબ, વર્ષ ૨૦૧૭માં ક્લાસ ૧-૨ના ૩૭ કર્મચારીઓ ઝડપાયા હતા, જ્યારે ૨૦૧૬માં ૬૩ કર્મચારી ઝડપાયા હતા, જ્યારે એસીબીની રેઇડમાં વર્ષ ૨૦૧૪માં૬૭ અને વર્ષ ૨૦૧૩માં ૫૫ કર્મચારી ઝડપાયા હતા.

એસીબીની રેઇડમાં વર્ષ ૨૦૧૮માં રાજ્યમાં સૌથી વધુ કર્મચારીઓ ઝડપાયા હતા. રાજ્યમાં એસીબીએ ગત વર્ષ ૩૩૨ કેસ નોંધ્યા હતા જેમાં ૭૨૯ કર્મચારીઓ પર ભ્રષ્ટાચારનો આરોપ ઘડાયો હતો. વર્ષ ૨૦૧૭માં ૧૪૮ કેસ નોંધાયા હતા જ્યારે આરોપીની સંખ્યા ૨૧૬ હતી. વર્ષ ૨૦૧૬માં ૨૫૮ કેસ નોંધાયા હતા જેમાં આરોપીની સંખ્યા ૪૩૧ હતી, જ્યારે વર્ષ ૨૦૧૫માં ૩૦૫ કેસ નોંધાયા હતા જેમાં, આરોપીની સંખ્યા ૪૪૫ હતી, જ્યારે વર્ષ ૨૦૧૪માં૨૦૭ કેસ નોંધાયા હતા જેમાં આરોપીની સંખ્યા ૩૯૫ આરોપીઓ હતા.

વડાપ્રધાન ૪ માર્ચથી બે દિસના ગુજરાત પ્રવાસે: મેટ્રો ટ્રેનના ફેઝ-૧નું લોકાર્પણ કરશે

ગાંધીનગર

લોકસભાઆ ચૂંટણીનાં પડઘમ એક તરફ સંભળાઇ રહ્યાં છે ત્યાં બીજી તરફ પ્રધાનમંત્રી મોદી તેમનાં ચૂંટણી પહેલાંનાં મહત્વપૂર્ણ ગુજરાત પ્રવાસે આવવાનાં છે. પ્રધાનમંત્રી મોદી બે દિવસ માટે ગુજરાત પ્રવાસે આવશે. તેઓ ૪ અને ૫ માર્ચનાં રોજ ગુજરાત પ્રવાસે આવવાનાં છે.આ દરમિયાન તેઓ ગુજરાતમાં વિવિધ કામોનું લોકાર્પણ અને ખાત મુહૂર્ત કરશે.

પ્રધાનમંત્રી મોદી અમદાવાદની સિવિલ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે, તેમજ મેટ્રો ટ્રેનના ફેઝ-૧નું પણ લોકાર્પણ કરશે. આ ઉપરાંત ઁસ મોદી તેમનાં બે દિવસીય પ્રવાસમાં કડવા પટેલોની કુળદેવી ઉમિયા માતાનાં મંદિરનું ખાત મુહૂર્ત પણ કરશે. સાથે જ અહીં વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મંદિરનું નિર્માણ કરવામાં આવશે. અડાલજ પાસે લેઉવા પટેલની કુળદેવી અન્નપૂર્ણા માતાનાં મંદિર અને હોસ્ટેલનું લોકાર્પણ કરશે.

પીએમ મોદીનાં બે દિવસનાં ગુજરાત પ્રવાસની વિગત

- અમદાવાદ સિવિલ હોસ્પિટલનું ઉદ્ઘાટન
- મેટ્રો ટ્રેનનું ફેઝ-૧નું લોકાર્પણ
- કડવા પટેલોના કુળદેવી ઉમિયા માતાના મંદિરનું ખાત મુહૂર્ત કરશે
- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મંદિરનું નિર્માણની જાહેરાત કરશે
- અડાલજ પાસે લેઉવા પટેલના કુળદેવી અન્નપૂર્ણા માતાનું મંદિર અને હોસ્ટેલનું લોકાર્પણ કરશે
- જામનગર અને ભાવનગરનાં ડેઝિલિટેશન પ્લાન્ટનું ખાત મુહૂર્ત કરશે
- સૌની યોજનાની પણ શરૂઆત કરાવશે પીએમ
- ખેડાના નડિયાદમાં ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં ઇન્સ્ટિટ્યૂટ નું લોકાર્પણ કરશે પીએમ
- દક્ષિણ ગુજરાતમા પણ પીએમ મોદીનો પ્રવાસ
- આદિવાસી વિસ્તારમાં તાપીમાં સિંચાઈ યોજનાની શરૂઆત કરાવશે
- પીએમ મોદી ગાંધીનગરમાં રાત્રી રોકાણ કરશે
- રાત્રી રોકાણ દરમિયાન મુખ્ય આગેવાનો સાથે બેઠક પણ કરી શકે છે.
- લોકસભાની ચૂંટણી બાબતે કરી શકે છે સમિક્ષા

હાઉસિંગ કોલોનીમાં દરેક મકાન માલિકને એરિયા કરતા ૪૦ ટકા વધુ એરિયાનું મકાન મળશે

અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરની હાઉસિંગ બોર્ડ હસ્તકની હજારો એકર જમીનમાં ઊભા કરાયેલાં મકાનોનું રી ડેવલપમેન્ટ થઈ શકશે. ૭૫ ટકા માલિકોની સંમતિથી રી ડેવલપમેન્ટ થઈ શકશે. આ અંગેની જોગવાઈને કાયદાકીય સ્વરૂપ આપતું ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ સુધારા વિધેયક આજે વિધાનસભામાં મંજૂર થયું છે.

જો કોઈ માલિક કે ભોગવટો ધરાવનાર વ્યક્તિ જગ્યા ખાલી ન કરે તો તે જગ્યા ખાલી કરાવવા માટે એક મહિનાની નોટિસ આપવાની રહેશે. આ માટે બોર્ડ કે જે તે વ્યક્તિગત એજન્સીને પુનઃ વિકાસની મુદત માટે માલિકોને વૈકલ્પિક આવાસ કે પૂરું ભાડું આપવાનું રહેશે.

રી ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ જમીન માલિકોના કુલ ૭૫ ટકા માલિકોની સંમતિ ફરજિયાત રહેશે. હાઉસિંગ બોર્ડ મ્યુનિસ્પિલ કોર્પોરેશન કે વ્યક્તિગત એજન્સી રી ડેવલપમેન્ટ કરી શકશે જે મકાનો ખંડેર છે અથવા પડવાની શક્યતા છે કે જોખમકારક છે. અથવા પઝેશનની તારીખથી ૨૫ વર્ષનો સમયગાળો પૂરો થયો હોય તેવાં હાઉસિંગ બોર્ડનાં મકાનો હવે રી ડેવલપમેન્ટ કરી શકાશે. વિધાનસભાગૃહમાં આ બિલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

આ અન્વયે હવે માત્ર ખાનગી જ નહીં પરંતુ ગુજરાત હાઉસિંગ બોર્ડની ૨૫ વર્ષ કે તેથી વધુ સમયની મિલકતોનું રિ-ડેવલપમેન્ટ કરી શકાશે. ડેવલપમેન્ટમાં જનારી કોલોનીમાં દરેક મકાનના માલિકને તેના કાર્પેટ એરિયા કરતાં ૪૦ ટકા વધુ એરિયા સાથેનું મકાન મળશે.

વિધાનસભામાં એક સવાલના જવાબમાં ગુજરાત સરકારે આ જાણકારી આપી

અદાણી સંચાલિત જી.કે. જનરલ હોસ્પિટલમાં છેલ્લા ૫ વર્ષમાં ૧૦૧૮ બાળકોના મોત

ગાંધીનગર

ગુજરાતના ભુજમાં આવેલી અદાણી ફાઉન્ડેશન દ્વારા સંચાલિત જીકે જનરલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષમાં એક હજારથી વધારે બાળકોના મોતનો મામલો સામે આવ્યો છે. વિધાનસભામાં એક સવાલના જવાબમાં ગુજરાત સરકારે આ જાણકારી આપી હતી. કોંગ્રેસના ધારાસભ્ય સંતોકબેન અરેથિયા તરફથી પ્રશ્નકાળમાં ઉઠાવવામાં આવેલ સવાલનો લેખિત જવાબ આપતા ઉપ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે અદાણી ફાઉન્ડેશન તરફથી સંચાલિત હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧૦૧૮ બાળકોના મોત થયા છે.

નીતિન પટેલે મોતના આંકડા જાહેર કરતા કહ્યું હતું કે ૨૦૧૪-૧૫માં ૧૮૮, ૨૦૧૫-૧૬માં ૧૮૭, ૨૦૧૬-૧૭માં ૨૦૮, ૨૦૧૭-૧૮માં ૨૭૬ અને ૨૦૧૮-૧૯માં ૧૫૯ બાળકોના મોત થયા છે. તેમણે આ મોત માટે અલગ-અલગ બિમારીઓ અને અન્ય ચિકિત્સકીય પરેશાનીને જવાબદાર ગણાવી છે. નિતીન પટેલે પોતાના જવાબમાં કહ્યું હતું કે હોસ્પિટલમાં મોટી સંખ્યામાં બાળકોના મોતના કારણે એક સમિતિની પણ રચના કરી હતી. આ સમિતિએ મોત માટે ઘણી બિમારીઓ, જેવી કે સમયથી પહેલા જન્મેલા શિશુઓમાં થનારી બિમારીઓ, સંક્રમણ અને શ્વાસ સંબંધી પરેશાનીને જવાબદાર ગણાવી હતી.

ઉપ મુખ્યમંત્રીએ વિધાનસભામાં કહ્યું હતું કે સમિતિના રિપોર્ટ પ્રમાણે હોસ્પિટલે નક્કી કરેલા માપદંડો પ્રમાણે જ બાળકોની સારવાર કરી હતી.આ પહેલા ૨૦૧૮માં પણ હોસ્પિટલમાં નવજાતના મોતનો મામલો ઉઠ્યો હતો અને રાજ્ય સરકારે તેની તપાસના આદેશ આપ્યા હતા.

ભરૂચના વરેડિયા નજીક ટેમ્પો ટ્રક પાછળ ઘૂસી જતા બે ના મોત

ભરુચ

ભરૂચ તાલુકાના વરેડિયા નજીક ટેમ્પો ટ્રક પાછળ ઘૂસી જતા બે ના કરૂણ મોત નિપજયા હતા. ને.હાઈવે નંબર ૪૮ પર આવેલા ભરૂચ તાલુકાના વરેડિયા ગામ નજીક આગળ ચાલી રહેલી ટ્રક પાછળ એક ટેમ્પો ઘૂસી જતા બે ઈસમોના કરૂણ મોત નિપજતા અરેરાટી વ્યાપી જવા પામી હતી.

પોલીસ સુત્રીય માહિતી અનુસાર ને.હાઈવે પર ભરૂચના વરેડિયા ગામ નજીક આવેલી હોટલ બલવાસા સામે શુક્રવારે વહેલી સવારે ટેમ્પો નંબર જીજે – ૧૬ – એયુ ૬૩૦૧ ના ચાલકે આગળ ચાલી રહેલી ટ્રક નંબર જીજે – ૧૨ – બીટી ૭૦૯૬ માં ટેમ્પો ઘૂસી જતા સર્જાયેલા અકસ્માતમાં ટેમ્પોમાં બેસેલા બે ઈસમો કે જેના નામ સરનામા જાણવા મળ્યા નથી તેઓને થયેલી ગંભીર ઈજાઓના પગલે બંને ઈસમોના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજયા હતા.

જયારે ટેમ્પો ચાલકને ઈજા થતા તેને ૧૦૮ દ્વારા ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયો હતો. ઘટનાની જાણ થતા પાલેજ પોલીસે ઘટના સ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અકસ્માતમાં મોતને ભેટેલા બંને ઈસમોના મૃતદેહને પાલેજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી એમ અર્થે ખસેડી આગળની વધુ તપાસ હાથ ધરી છે. સર્જાયેલા અકસ્માતમાં ટ્રકનિો પાછળ ઘૂસી ગયેલા ટેમ્પોની કેબિનનો ખુરદો બોલી જવા પામ્યો હતો.

નવસારીમાં મહત્ત્વના સ્થળો, દુકાનો પર સીસીટીવી મુકવા માટે આદેશ

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પડાયું

નવસારી

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ ડૉ.એમ.ડી.મોડિયાએ એક જાહેરનામાં અનુસાર નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે તથા વણશોધાયેલ ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ મહત્વના સ્થળો, દુકાનો સહિત તમામ પેટ્રોલપંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઇટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોડીંગ સીસ્ટમ મુકવામાં હુકમો કર્યા છે. જે તાત્કાલિક અસરથી તા.૨૦-૦૪-૨૦૧૯ સુધી અમલમાં રહેશે.

સીસીટીવી કેમેરાના કારણે ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઇડેન્ટીફીકેશન થઇ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બને એટલુ જ નહી ગુનેગારોની વિરુધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઇવર તથા તેની બાજુમા બેઠેલ વ્યકિતનું રેકોર્ડીંગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા. નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમા આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોર્ડીંગ થઇ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવાના રહેશે.

આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ /શોપીંગમોલ ,શોપીંગ સેન્ટરો, કોર્મશીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ બોર્ડીંગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં તથા મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા જણાવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત દંડ સહિત સજાને પાત્ર થશે.

આજે નડિયાદ ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને કેન્દ્રીય રાજય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવિયાની ઉપસ્થિતિમાં ખાતમુહૂર્ત અને લોકાપર્ણ કરાશે

અંદાજે રૂા.૧૫૦૪ લાખના ખર્ચે નિર્માણ થનાર દાંડીપથના કામનું ખાતર્મુહૂર્ત અંદાજે રૂા.૨૧૯૪ લાખના ખર્ચે નિર્માણ થયેલ રેલ્વે ઓવરબ્રીજનું લોકાર્પણ

નડિયાદ

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય ભારત સરકાર તથા માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર દ્વારા અંદાજે રૂા.૧૫૦૪/- લાખના ખર્ચે નિર્માણ થનાર ડભાણ નડિયાદ સીટી ડી.ડી.આઇ.ટી રોડ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં.૬૪(દાંડીરૂટ)ના માર્ગનું મજબુતીકરણનું ખાર્તમુહૂર્ત અને અંદાજે રૂા.૨૧૯૪/- લાખના ખર્ચે નિર્માણ થયેલ કન્ટ્રું કશન ઓફ રેલ્વેં ઓવરબ્રીજ ઇન લ્યુર ઓફ એ લ.સી.નં.૨૭૬ અમદાવાદ-મુંબઇ બ્રોડગેજ રેલ્વે લાઇન એટ રેલ્વેન કિ.મી.૪૫૨/૨૪-૨૬ ઓન નડિયાદ બાયપાસ રોડ કિ.મી.૧/૨૦૦ થી ૨/૨૦૦ના રેલ્વે ઓવરબ્રીજનું લોકાર્પણ નાયબ મુખ્યએમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને માર્ગ પરિવહન અને રાજમાર્ગના કેન્દ્રી ય રાજય મંત્રીશ્રી મનસુખ માંડવિયાના હસ્તેમ બપોરે ૧/૩૦ કલાકે ઇપ્કો વાલા હોલ, પારસ સર્કલ પાસે, નડિયાદ મુકામે થનાર છે. આ કાર્યક્રમમાં વિધાનસભાના મુખ્યે દંડક અને નડિયાદ મત વિસ્તારના ધારાસભ્યૂ શ્રી પંકજભાઇ દેસાઇ મુખ્યુ અતિથિશ્રી તથા ખેડાના સાંસદ શ્રી દેવુંસિંહ ચૌહાણ અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિખત રહેશે.

ખેડા જિલ્લારના મુખ્યખ મથક નડિયાદ ખાતે ડભાણ ચોકડીથી ડી.ડી.આઇ.ટી સુધીના દાંડીપથના હયાત રસ્તા ને મજબુતીકરણ કરવાનું કામ ભારત સરકારશ્રીના સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય તરફથી જાન્યુરઆરી ૨૦૧૯માં અંદાજીત ખર્ચ રૂા.૧૬.૭૫ કરોડનું મંજૂર કરવામાં આવેલ છે. આ કામગીરીમાં મુખ્યઆત્વે નડિયાદ શહેરમાં ચારમાર્ગીય રસ્તાીને મજબુતીકરણ, ફુટપાથની સુવિધા, ડીવાઇડર સાથે નવીન બનાવવામાં આવશે. ડી.ડી.આઇ.ટી બાજુથી મહાગુજરાત નડિયાદ સીટી તરફ આર.સી.સી.સ્ટ્રોશમ વોટર ડ્રેઇન બનાવવાની કામગીરીનો સમાવેશ કરવાથી કોલેજ રોડ પર ચોમાસા દરમ્યાફન પાણીનો ઝડપથી નિકાલ થશે. જેથી ચોમાસા દરમ્યામન ભારે વરસાદની સીઝનમાં પણ પાણી ભરાવાની સમસ્યોનું નિરાકરણ થશે. આ કામનું અંદાજે રૂા.૧૫૦૪/- લાખના ખર્ચનું ટેન્ડર૨ પ્રોસેસમાં છે. ૭.૪૩ કિ.મી. લંબાઇનું આ કામ આગામી ૧૧ માસમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંરક છે.

અગાઉ જૂન-૨૦૧૮માં ડી.ડી.આઇ.ટીથી ભુમેલ તરફનો રસ્તોક જે ચારમાર્ગીય મંજૂર કરવામાં આવેલ છે, જેની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. જેથી ડભાણ થી ભુમેલ સુધી નડિયાદ સીટીને સળંગ ૧૪ કી.મી. ચારમાર્ગીય રસ્તા નો લાભ મળશે. જેથી ટ્રાફીકમાં તેમજ રોડ સલામતીમાં ધણો સુધારો થશે તેમજ યાતાયત સરળ બનશે.

ખેડા જિલ્લા ના મુખ્ય મથક નડિયાદ ખાતે નડિયાદ બાયપાસ રોડ રાજયધોરી માર્ગ ૨૧૦ પર ચેઇનેજ કિ.મી.૧/૨૦૦ થી શરૂ કરી કિ.મી.૨/૨૦૦ સુધીની કુલ ૧૦૦૦ મીટરની લંબાઇમાં રેલ્વે ઓવરબ્રીજ એપ્રોચ સહિતની કામગીરી મંજૂર કરવામાં આવી હતી. જેમાં નડિયાદની પૂર્વ(ડભાણ ચોકડી) તરફ ૪૧૯.૯૧ મીટર અને પશ્ચિમ (કમળા ચોકડી) તરફ ૩૭૮.૭૩ મીટરનો એપ્રોચ ધરાવે છે તથા રેલ્વે ના મધ્ય૧ ભાગમાં રેલ્વે ઓવરબ્રીજના ૫૬.૩૬ મીટરના રેલ્વે ઓવરબ્રીજની લંબાઇનો સમાવેશ થાય છે. આમ રેલ્વે ઓવરબ્રીજ કુલ ૮૫૫.૦૦ મીટરની લંબાઇ છે.

અંદાજે રૂા.૨૧૯૪/- લાખના ખર્ચે નિર્માણ થયેલ કન્ટ્રી કશન ઓફ રેલ્વેવ ઓવરબ્રીજ ઇન લ્યુા ઓફ એ લ.સી.નં.૨૭૬ અમદાવાદ-મુંબઇ બ્રોડગેજ રેલ્વેન લાઇન એટ રેલ્વેર કિ.મી.૪૫૨/૨૪-૨૬ ઓન નડિયાદ બાયપાસ રોડ કિ.મી.૧/૨૦૦ થી ૨/૨૦૦ના રેલ્વેઓવરબ્રીજનું લોકાર્પણ પણ કરવામાં આવનાર છે.

આ ફાટક નડિયાદ બાયપાસ રાજયધોરી માર્ગ નં.૨૧૦ ઉપર નડિયાદ શહેર બહારથી પસાર થઇ રાષ્ટ્રીજય એકસપ્રેસ-વે-૧ ને જોડતો, રાષ્ટ્રી ય ધોરીમાર્ગ નં.૪૮ (૬ માર્ગીય) રોડને જોડતો, નડિયાદ અમદાવાદ રાજય ધોરીમાર્ગ નં.-૩ને જોડતો તેમજ યાત્રાધામ ડાકોરને જોડતો અતિ મહત્વ નો બાહય માર્ગાત્તર રસ્તો છે, તેમજ નેશનલ હાઇવે નં.૪૮ ઉપર થઇ આણંદ જિલ્લા?ને જોડતો મુખ્યૂ રાજયધોરી માર્ગ છે. અકા રેલ્વેર ક્રોસીંગ નં.૨૩૬ નડિયાદ બાયપાસને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજીત કરે છે.

અમદાવાદ મુંબઇ રેલ્વેન લાઇન ઉપર દિવસ દરમ્યાવન સરેરાશ ૨૦૦ થી વધારે રેલ્વેદની ફીકવન્સીબને ધ્યાનમાં લેતા મોટાભાગનો સમય ફાટક બંધ રહેતા નડિયાદ બાયપાસના પૂર્વ અને પશ્ચિમ ભાગના ટ્રાફિકનો નડિયાદ અને રાષ્ટ્રીયય ધોરીમાર્ગ નં.૪૮ તેમજ આણંદ જિલ્લાનનો સંપર્ક કરવામાં સમય અને ઇંધણનો ખુબ જ વ્યીય થતો હતો, તેમજ ચોમાસા દરમ્યા ન શહેરમાં આવેલા બંને અંડરપાસ(રેલ્વે યના ગરનાળા)માં વરસાદી પાણી ભરાવાથી નડિયાદનો પશ્ચિમ વિસ્તાવર મુખ્યસ શહેરથી સંપૂર્ણ સંપર્ક વિહોણો થઇ જતો, આવી કટોકટીના સમયમાં આ ફાટક ઉપર હવે આર.ઓ.બી. બનવાના કારણે શહેરમાં ટ્રાફિકનું ભારણ ઓછું થઇ જશે.

આ રેલ્વે ઓવરબ્રીજ બનતા નડિયાદ શહેરની તેમજ નડિયાદ શહેર બહારની બાયપાસ પરથી પસાર થતી તમામ જનતાને કાયમી અવર-જવર માટે ખુબ જ સરળતા રહેશે તેમજ સમય, ઇંધણનો બચાવ થશે અને પોતાના નકકી કરેલ સમયે પોતાના લક્ષ્યાંરક પર સમયસર પહોંચવામાં આ રેલ્વેઇ ઓવર બ્રીજ ખુબ જ આર્શીવાદ રૂપ બનશે.

ગાંધીનગર રેલીમાં જતા નર્મદાના ૨૫૦ જેવા શિક્ષકોને પોલીસે ડિટેન કરતા શિક્ષકોમાં રોષ



જિલ્લા શિક્ષણ સંઘના પ્રમુખ સહીત ૧૧ જેટલા હોદેદારોને રાત્રીના ડિટેન કર્યા કેટલાકને નજર કેદ કર્યા

શિક્ષકોને પોઇચા પુલથી ડિટેન કરી રાજપીપળા બાદ જીતનગર પોલીસ હેડક્વાટર લઇ જવાતા શિક્ષકોના સરકાર વિરુદ્ધ સુત્રોચાર

રાજપીપળા : નર્મદા જિલ્લાના ૨૫૦ થી વધુ શિક્ષકોને નર્મદા પોલીસ દ્વારા ડિટેન કરવામાં આવતા શિક્ષકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. અને લોકશાહીમાં સરકાર તાનાશહી કરી શિક્ષકોના આંદોલનને ખાળવાનો પ્રયાસ કરે છે, ત્યારે જિલ્લામાં શિક્ષકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. અને સરકાર વિરુદ્ધ સુત્રોચાર કર્યા હતા.

છેલ્લા એક મહિનાથી વિવિધ વિરોધ પ્રદર્શન કરીને ૨૨ મી ફેબ્રુઆરીના રોજ રાજય શિક્ષક સંઘ દ્વારા ગાંધીનગર ખાતે વિધાનસભાનો ઘેરાવો અને રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું ત્યારે આ રેલી સફળ ન બને એ માટે રાજય સરકાર દ્વારા તમામ જિલ્લામાં શિક્ષકો ગાંધીનગર ના પહોંચે એવી સૂચના મળતા નર્મદા પોલીસ દ્વારા પણ ગત રાત્રીના જ મુખ્ય જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ હરેન્દ્રસિંહ રાઉલજી, તાલુકા સંઘ પ્રમુખ રમેશ ગોહિલ સહીત હોદેદારોને ત્રીના જ ડિટેન અને નજરેદ કર્યા હતા, વહેલી સવારે શિક્ષકો મોટીસંખ્યામાં ગાંધીનગર જવા નીકળ્યા પરંતુ પોઇચા પૂલ ખાતે આ શિક્ષકોને અટકાવી નર્મદા પોલીસ જીતનગર હેડ ક્વાટર લઇ આવી આમ ૨૫૦ થી ૩૦૦ જેટલા શિક્ષકોને ડિટેન કરી ગાંધીનગર જતા રોક્યા હતા જોકે કેટલાક શિક્ષકો ગાંધીનગર પહોંચી ગયા જવામાં સફળ રહ્યા હતા .

જીતનગર ખાતે ડિટેન કરેલ શિક્ષકમાં ભારે રોષ જોવા મળ્યો હતો. જેમણે આકોશ સાથે જણાવ્યું હતું કે નેતાઓને રાજયશાસ્ત્ર અને નાગરિકશાસ્ત્ર શીખવનાર શિક્ષકોને ચોર,ગુંડા સમજીને પુરી દીધા છે આ કિસ્સો ગુજરાતના ઇતિહાસમાં સૌથી ધૃણાસ્પદ કૃત્ય છે સરકારના આ પગલાં સામે શિક્ષકો પરચો જરૂર બતાવશે આગામી ૨૦૧૯ ની ચૂંટણીમાં ખબર પાડી દઈશું તેવી ચીમકી પણ સરકારને આપી છે. આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હરેન્દ્રસિંહ રાઉલજી એ જણાવ્યું હતું કે સરકારે ગાંધી ચિંધ્યા માર્ગે પોતાની લડત લડતા શિક્ષકોને રોકી ઘણી મોટી ભૂલ કરી છે હવે જીલ્લા અને રાજ્ય સંઘ ઉગ્ર બન્યું છે શિક્ષકોને ડિટેન કરીને સરકારે ગુનેગાર બનાવ્યા પણ અમે હવે સરકારને બતાવીશુ કે ગુનેગાર કોણ છે શિક્ષકોનું હિત એ અમારું હિત શિક્ષકોને જ્યાં સુધી ન્યાય નહિ મળે ત્યાંસુધી અમે ઝપીશું નહિ.

ગિરનાર શિવરાત્રી કુંભ મેળા અન્વયે યોજાયેલી સાયકલ રેલીમાં જોડાયા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ



જૂનાગઢ

૨૭મીથી જૂનાગઢ ભવનાથ તળેટી વિસ્તારમાં યોજાઈ રહેલ ગિરનાર શિવરાત્રી કુંભ મેળા અન્વયે આજે શહેરમાં વહીવટી તંત્ર દ્વારા એક સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શિવરાત્રી કુંભ મેળાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ આખરી તૈયારીઓને ઓપ આપી દીધો છે, દેશ વિદેશમાંથી આવતા શ્રદ્ધાળુઓ અને ભાવિકોમાં આ મેળાને લઈને એક અનેરો ઉત્સાહ ઉભો થાય અને લોકોમાં જાગૃતિ લાવવા માટે આજે જિલ્લા વહીવટી તંત્રએ સવારે ૧૧ કલાકે બહાઉદીન કોલેજના પટાંગણમાંથી એક સાયકલ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ સાયકલ રેલીમાં જૂનાગઢની વિવિધ શાળાઓના અંદાજે ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિધાર્થીઓએ ત્રિશુલ અને ડમરુના લોગો વાળા સફેદ કલરના ટી શર્ટ પહેરીને લોકોમાં એક માહોલ બનાવ્યો હતો. સાયકલ રેલીમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ ધાર્મિક સૂત્રો જેવા કે 'જૂનું એટલું સોનુ છે, જૂનાગઢ આધ્યાત્મિક ઘરેણું છે' તેવા બેનર પણ લગાવ્યા હતા. પ્રાંત અધિકારી શ્રી જે.એમ.રાવલ, ડે.કમિશ્નર શ્રી નંદાણીયા, તેમજ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મકવાણા, જિલ્લા રમત ગમત અધિકારી શ્રી વિશાલ દિહોરાના હસ્તે સાયકલ રેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ સાયકલ રેલી શહેરના જુદા જુદા રાજમાર્ગો ઉપર ફરી અને સર્વ ધર્મ સમાનનો નારો લગાવ્યો હતો. ભવનાથ સુધી આ રેલી યોજવામાં આવી હતી. બહાઉદીન કોલેજ ખાતે આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી હારૂનભાઈ વિહળે એ કર્યું હતું.









નર્મદા જીલ્લામાં રકતદાન સંકલ્પ અભિયાનનો ગુરુવારથી પ્રારંભ થતા રાજપીપળા નગરપાલિકા કર્મીઓ એ પણ સંકલ્પ લીધો



રાજપીપળા નગરપાલિકા કચેરી ખાતે કોમલબેન પાંજરોલિયાએ હાજર સ્ટાફને લેવડાવ્યો સંકલ્પ

શહેરી વિસ્તાર ગ્રામ્ય વિસ્તાર, જાહેર સ્થળો, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના સ્થળો પર નર્મદા જિલ્લાના સ્થાનિકો પાસે સંકલ્પ પત્રો ભરાવવાની શરૂઆત

રાજપીપળા : નર્મદા જિલ્લામાં રકતદાન વિશે લોકજાગૃત્તિ કેળવવાની સાથો સાથ રક્તદાતાઓની માહિતી એકત્ર કરીને તેના દ્વારા જિલ્લામાં એક ડેટાબેઝ તૈયાર કરવા અને તેના થકી નર્મદા જિલ્લામાં લોહીની જરૂરિયાતવાળા દર્દીઓને સરળતાથી જે તે ગ્રૂપ મુજબનો લોહીનો જથ્થો ઉપલબ્ધ થઇ શકે તે માટે આજથી રાજપીપળા શહેરી વિસ્તાર સહિત નર્મદા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં રક્તદાન સંકલ્પ અભિયાનનું જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમની પ્રેરક રાહબરી અને માર્ગદર્શન હેઠળ શરુઆત કરવામા આવી છે.જેમાં રાજપીપળા નગરપાલિકા પ્રમુખ જિગીષાબેન ભટ્ટ અને ચીફ ઓફિસર અમિતભાઇ પંડ્યાની સૂચના મુજબ પાલિકા ખાતે હાજર તમામ વિભાગના કર્મચારીઓને કોમલબેન પાંજરોલિયા એ રક્તદાન સંકલ્પ લેવડાવ્યા હતા અને પોતે પણ લીધા હતા.

ગાંધીધામની સનરાઈઝ ગ્લોબલ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા વીર શહીદોને મૌન રેલી અને કેન્ડલ માર્ચ કરીને શ્રદ્ધાંજલિ અર્પી



ગાંધીધામ ભારતનગરથી લઈને મેઈન બજાર થઈને ઝંડા ચોક સુધી મૌન રેલી કાઢી કેન્ડલ માર્ચ કરી વીર શહીદોને શ્રદ્ધાંજલિ વિદ્યાર્થીઓ દ્વારા અપાઈ

તાજેતરમાં જમ્મુ કાશ્મીર ના પુલવામાં આંતકવાદી દ્વારા થયેલ હુમલામાં શહીદ થયેલ ૪૨ જવાનો ને ગાંધિધામ ની સનરાઈઝ ગલોબલ સ્કુલના ના વિદ્યાર્થી શિક્ષકોઓ એ મૌન રેલી કાઢી કેન્ડલ માર્ચ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી,

સનરાઈઝ ગ્લોબલ સ્કુલ ના વિધાર્થી તથા સ્ટાફ દ્વારા શહેર ના મુખ્ય માર્ગ ભારતનગર ગાંધીમાકેટ થી લઈને ઝંડાચોક ઉપર ફરીને ને શહીદ થયેલ ૪૨ જવાનો ને શ્રદ્ધાંજલિ આપવાનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

આ શ્રધાંજલિ કાર્યક્રમ શાળા ના ટ્રસ્ટી શાળા ના શિક્ષકો, વિદ્યાથીઓ , તેમજ સ્થાનિક આગેવાનો મોટી સંખ્યા માં હાજર રહયા

આ કાર્યક્રમ દરમિયાન દરેક લોકો ના ચહેરા ઉપર અશ્રુ ભયા દ્રશ્યો જોવા મળેલ, તથા પાકિસ્તાન મુરદાબાદ, શહીદો અમર રહો, ભારત માતા કી જય ના નારા લગાવીયા હતા,શહીદ વીર જવાનો ને શ્રધ્ધા પૂર્વક શ્રદ્ધાંજલી આપવા વિદ્યાર્થીઓ મૌનરેલીકાઢી વીર શહીદો ને અનોખી રીતે શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી

આંખો માં નમી ચહેરા પર ગુસ્સો. હાટ માં હિન્દુસ્તાની ધ્વજ અને મીણબત્તી. મોઢા પર પાકિસ્તાન મુરદાબાદ ના સુત્રોચાર કરી વિદ્યાર્થીઓ દ્વારા મૌન રેલી કેન્ડલ માર્ચ નુંઆયોજન કરવામાં આવ્યું હતુ,શહીદો ને શ્રદ્ધાંજલિ અર્પિત કરી રેલી નું સમાપન કરવામાં આવ્યું હતું આ રેલી નુ આયોજન પ્રિન્સિપાલ અજુંકુમારી ના માગેદશન હેઠળ કરવા મા આવ્યુ હતુ સમગ્ર કાર્યક્રમ સફળબનાવ સ્કુલ ના પુજા શર્મા શ્વેતા અરોરા, શ્રીદેવી મેમ, જીગ્નાશા મેમ, વિકાસ ભાઈ, તથા સ્ટાફ એ ભારે જહેમત ઉઠાવી હતી,વિદ્યાર્થીઓએ રેલી યોજી શહીદોને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા જે રેલીમાં શાળાના સંચાલક, પ્રિન્સીપાલ તેમજ વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવાર જોડાયો હતો સ્કૂલના વિદ્યાર્થીઓએ રેલી યોજી પાકિસ્તાન મુર્દાબાદના નારા લગાવ્યા હતા.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

सूरत शहर के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT STEEL
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

TEXMO Aqua Group TEXMO AQUATEX
कोઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ રૂ.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, વેદ્યુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી રૂ.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઇટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય ત્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

meriko ફ્લેટ - બંગલા - ઓફિસના ફર્નીચર માટે ઉત્તમ ક્વોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F.
સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઇપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ ● E-mail : info@mugatlalbsons.com

ભરૂચ નર્મદામાં નર્મદા બચાવો યાત્રા ગુજરાત પ્રદેશ ખેડૂત સમાજ દ્વારા કાઢવામાં આવશે



નર્મદામાં પાણી નહિ છોડાતા ટીડીએસ વધ્યા : બેકવોટર થી ખેડૂતોના કુવા જમીનો નષ્ટ થઈ જવા લાગ્યા

રાજપીપળા : ગુજરાત ખેડૂત સમાજ દ્વારા હવે ભરૂચ જિલ્લાનો પ્રાણ પ્રશ્નને ઉઠાવવાનો ખેડૂત સમાજે નક્કી કર્યું છે અને રાજ્ય વ્યાપી હડતાલ ચલાવવા મક્કમ બન્યા છે ત્યારે તાજેતરમા રાજપીપળા ખેડૂતોની મુલાકાતે આવતા રાજ્ય ખેડૂત સમાજ દ્વારા ગંભીર નોંધ લેવાઈ અને જે બાબતે પીએમ સુધી રજૂઆતનું બીડું ઝડપ્યું છે, જાન્યુઆરીના પ્રથમ વીકમાં આ રેલી યોજવા જઈ રહી છે.ત્યારે વધુ એક આંદોલનનો રૂપાણી સરકારને સામનો કરવો પડશે. હાલમાં ગુજરાત સરકાર ચારેકોર થી ભીસ માં છે ૨૦૧૯ આવી રહી છે એટલે હાલ સરકાર તૈયારીમાં જોતરાઈ ગઈ છે પરંતુ હાલ આરોગ્ય, શિક્ષણ, એસટી, સહીત વકીલો અને ખેડૂતો, માછીમારો તમામ સરકાર વિરુદ્ધ મોર્ચો માંડી બેઠા છે.ત્યારે હવે રાજ્ય ખેડૂત સમાજ સરકારની સામે આવી છે જે નર્મદા બચાવ યાત્રા કાઢશે, તાજેતરમાં રાજપીપળા આવેલ ગુજરાત પ્રદેશ ખેડૂત સમાજ પ્રમુખ જયેશ પટેલ, ભરૂચ નર્મદા ખેડૂત સમાજ પ્રમુખ મહેન્દ્રસિંહ કરમરીયા, વટારીયા સુગરના ચેરમેન સંદીપસિંહ માંગરોલા, દક્ષિણ ઝોન પ્રમુખ જયેશ પટેલ સહીત ના આગેવાનો નર્મદામાં આવી ખેડૂતો સાથે બેઠક કરી નર્મદા નદીમાં પાણી છોડાવવા માટે નર્મદા બચાવ યાત્રા કાઢવાનું શરૂ કર્યું છે. જે આગામી ૬ માર્ચની આજુબાજુ એટલે કે માર્ચના પ્રથમ સપ્તાહમાં શરૂ કરશે જે નર્મદા ભરૂચના ગામોમાં ફરશે.

આ બાબતે વટારીયા સુગરના ચેરમેન સંદીપસિંહ માંગરોલા એ જણાવ્યું હતું કે નર્મદા ડેમના દરવાજા લાગી ગયા પછી પાણી બિલકુલ છૂટ્યું નથી સરકાર પાણીનો સંગ્રહ ખેડૂતો માટે નહિ પણ ઉદ્યોગપતિઓ માટે કરી રહી છે. નર્મદા બંધના સરદાર સરોવરમાં ખુબ પાણી છે જેને વહેતું રાખવા જેવું છે જેનાથી જળચર પ્રણીઓને જીવતદાન મળે, કિનારે રહેતા ખેડૂતોને પાણી મળે તેમના કુવા રિચાર્જ થાય, ભરૂચ વિસ્તારમાં નર્મદામાં પાણી ના હોવાને કારણે બેક વોટર આવતા ભરૂચના ૧૦૦થી વધુ કિલોમીટર અંદર ખારું પાણી આવી જતા ટીડીએસ ૪૫૦૦ થી વધુ વધી ગયો, ખારાશને કારણે જમીનો નષ્ટ થઈ ગઈ ત્યારે માછીમારો પણ હાલ ભૂખે મારી રહ્યા છે તેમની રોજગારી છીનવાઈ ગઈ છે ત્યારે નર્મદામાં પાણી છોડવું જરૂરી બન્યું છે, માટે અમે નર્મદા બચાવ આંદોલન ચલાવી રેલી કાઢીશુ અને સરકારને રજુઆત કરીશું.

વિસાવદરમાં કબ્જે કરાયેલ અનાજની હરાજી કરાશે

જૂનાગઢ

વિસાવદર મામલતદાર કચેરી દ્વારા તા. ૨૮/૭/૨૦૧૮ના રોજ માંડાવડ ચોક તરફ જતા ટ્રક નં જીજે –વી -૪૮૦૭ પેઢીનો આવશ્યરક ચીજ વસ્તુ નો જથ્થો સરકાર પક્ષે સીઝ કરેલ છે. ચોખા બેગ સંખ્યા – ૨૯૮, ભરતી કિગ્રા આશરે ૫૪ , કુલ વજન ૧૬૨૧૦ કિ.ગ્રા, બજાર અપસેટ કિંમત ૩૦ પ્રતી કિ.ગ્રા અને કુલ અપસેટ કીંમત રૂ. ૪,૮૬,૩૦૦ / જથ્થો વિસાવદર ખાતે ગુ.રા.ના.પુ.નિ.લી સતાધાર ખાતે ગોડાઉનમાં સ્ટોકર થયેલ છે. આ જથ્થો જાહેર હરરાજીથી વેંચાણ કરવાનો હોય જથ્થો સ્ટોરેજના સ્થરળે તા. ૨૭/૨/૨૦૧૯ના રોજ ૧૧ કલાકે રસ ધરાવતા ઈસમોને તા. ૨૭/૨/૨૦૧૯ ના રોજ ઉપર જણાવેલ સ્થબળે હાજર રહી જાહેર હરરાજીમાં ભાગ લેવા અનુરોધ કરાયો છે. જથ્થાની અપસેટ પ્રાઈઝ દર્શાવેલ વિગતની કિંમતે નક્કી કરવામાં આવેલ છે. તે કીમતથી વધુ રકમની બોલી બોલવાની રહેશે. હરરાજીમાં ભાગ લેનારે પ્રથમ જથ્થાની કિંમતની ૧૦ ટકા રકમ ડીપોઝીટ પેટે સ્થળ પર રોકડ રૂપે જમા કરાવ્યા બાદ ભાગ લઈ શકશે.

અજાણ્યા મૃતકોના વાલીવારસો સંપર્ક કરે

વલસાડ

વલસાડ રેલવે પોલીસને તા.૧૯/૭/૧૭ના રોજ સવારે ૯-૦૦ વાગ્યાની આસપાસ ડાઉન મેમુ ટ્રેનના કોચ નં. ૨૦૩૩-બી વચ્ચે જનરલ ડબ્બામાંથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના વાલીવારસોની તપાસ કરતાં તે મળી આવ્યા નથી. મૃતકની ઉંમર ૬૫ વર્ષ, ઊંચાઈ ૫.૪ ફૂટ, રંગે ઘઉંવર્ણ, કમરમાં કાળ રંગની હાફ ચડ્ડી પહેરી છે. અન્ય એક બનાવમાં તા.૨૫/૦૧/૧૮ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યાની આસપાસ નવસારી રેલવે સ્ટેશને પૂર્વમા જુની આરક્ષણ ઓફિસની દિવાલ પાસેથી એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના વાલીવારસોની તપાસ કરતાં તે મળી આવ્યા નથી. મૃતકની ઉંમર ૫૦ વર્ષ, રંગે શ્યામ, ઊંચાઈ ૫.૫ ફૂટ, શરીરે બ્લ્યુ કલરની કાળી સફેદ આડી લાઈનિંગવાળું ટી-શર્ટ, તેની નીચે બ્લ્યુ કલરની ડિઝાઈનવાળી બીજી ટી-શર્ટ તથા કમરમાં સફેદ કલરનું જીન્સ પેન્ટ પહેર્યું છે.

ઉક્ત વર્ણનવાળા મૃતકોના જો કોઈ વાલીવારસો હોય તો વલસાડ રેલવે પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે વાર્ષિક ૫૦ લાખ પ્રવાસીઓની મુલાકાતનો લક્ષ્યાંકઃ કે. જે. આલ્ફોન્સ, પ્રવાસન રાજ્ય મંત્રી



'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને એક આઈકોનિક સાઈટ તરીકે વિકસાવી વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન સુવિધાઓથી સજ્જ કરવામાં આવશેઃ કેન્દ્રીય પ્રવાસન રાજ્ય મંત્રી

રાજપીપળા : કેન્દ્રીય પ્રવાસન રાજ્ય મંત્રી કે.જે.આલ્ફોન્સની અધ્યક્ષતામાં કેવડીયા ખાતે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ની મુલાકાત લેવા માટે દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષવા અને સરદાર સરોવરને 'બેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટીનેશન' તરીકે વિકસાવવા સંદર્ભે રાષ્ટ્રીય પ્રવાસન સલાહકાર પરિષદના સભ્યો અને સ્ટેક હોલ્ડર્સ સાથે બેઠક યોજાઈ હતી. બેઠકમાં ગુજરાત પ્રવાસન અને કેન્દ્રીય પ્રવાસન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ તેમજ પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા સ્ટેક હોલ્ડર્સ સાથે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પરિસર ગ્લોબલ ટુરિસ્ટ પ્લેસ તરીકે લોકપ્રિય બને તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

બેઠકમાં મંત્રી કે.જે.આલ્ફોન્સએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબની વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતની વિશ્વના પર્યટન માટે એક અણમોલ નજરાણું છે. સરદાર સરોવર પાસે નવનિર્મિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ટૂંક સમયમાં જ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે, ત્યારે કેવડીયામાં વાર્ષિક ૫૦ લાખ પ્રવાસીઓ મુલાકાત લે તેવો લક્ષ્યાંક રાજ્ય અને કેન્દ્ર સરકારે સેવ્યો છે. જેને પૂર્ણ કરવા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને આગામી સમયમાં એક આઈકોનિક સાઈટ તરીકે વિકસાવી વિશ્વકક્ષાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.'

'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ના કારણે ગુજરાત અને દેશને એક નવી ઓળખ મળી છે એમ જણાવી આલ્ફોન્સે ટુરિઝમ સ્ટેક હોલ્ડર્સ અને રાષ્ટ્રીય પ્રવાસન સલાહકાર પરિષદના સભ્યોને આ સ્થળને વિકસાવવા માટે રચનાત્મક સૂચનોને આવકાર્યા હતા. તેમણે સ્ટેચ્યુ અને સરદાર સરોવરનો એરિયલ વ્યુ નિહાળવા માટે શરૂ કરવામાં આવેલી હેલિકોપ્ટર સેવા જેવા અવનવા પ્રકલ્પો આવનારા દિવસોમાં પ્રવાસીઓને ભેટ ધરવામાં આવશે એમ ઉમેર્યું હતું.

ગુજરાત ટુરિઝમના સચિવ અને નર્મદા જિલ્લાના પ્રભારી સચિવ એસ.જે. હૈદરે સ્વાગત પ્રવચન કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવાસન ક્ષેત્રમાં બહેતર વિકાસ માટેના રાજ્ય સરકારના એજન્ડા વિષે તલસ્પર્શી જાણકારી આપી હતી.

આ વેળાએ મંત્રીએ ઈ-બાઈકની સવારી કરી આનંદ સહ જાતઅનુભવ કરી પર્યાવરણ બચાવવાનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી એડમિનિસ્ટ્રેટર અને જિલ્લા કલેકટર આઈ.કે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડો.જિન્સી વિલિયમ્સ ગુજરાત ટુરિઝમના એમ.ડી. જેનુ દેવન, આઈ.ટી.ડી.સી.ના સી.એમ.ડી. શ્રીમતી રવનિત કૌર, ટુરિઝમ વિભાગના કેન્દ્રીય જોઈન્ટ સેક્રેટરી સુમન બિરલા, ટુરિઝમ સચિવ રશ્મિ વર્મા, ટુરિઝમ વિભાગ ડિરેક્ટર જનરલ સત્યજીત રાજન, રેલ્વે, કેન્દ્ર અને રાજ્યના પ્રવાસન વિભાગ, વાહનવ્યવહાર, પુરાતત્વ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ટુરિઝમ સ્ટેક હોલ્ડર્સ ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૨૩મી અને ૨૪મી, ફેબ્રુઆરીના મતદાર નોંધણીની ખાસ ઝુંબેશ હાથ ધરાશે

વ્યારા

આજે તા. ૨૩મી, ફેબ્રુઆરી અને આવતીકાલે તા. ૨૪મી, ફેબ્રુઆરીના રોજ મતદાર યાદીમાં નામ નોંધણી કરાવવા બાકી રહી ગયેલા લાયકાત ધરાવતા નાગરિકોની મતદાર તરીકે નોંધણી કરાવવા માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા ખાસ ઝુંબેશ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તાપી જિલ્લામાં આજે તા. ૨૩મી, ફેબ્રુઆરીના શનિવારના રોજ બપોરે ૧૨:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમિયાન અને તા. ૨૪મી, ફેબ્રુઆરીના રવિવારના રોજ સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક દરમિયાન તાપી જિલ્લાના બંને મતદાર વિભાગોમાં પ્રત્યેક મતદાન મથક ખાતે બુથલેવલ ઓફિસર હાજર રહેશે. તાપી જિલ્લાના મતદારયાદીમાં નામ નોંધણી કરાવવા બાકી રહી ગયેલા લાયકાત ધરાવતા નાગરિકોએ બંને દિવસ દરમિયાન જરૂરી પુરાવા સાથે બુથલેવલ ઓફિસર પાસે જઈ જરૂરી ફોર્મ ભરીને મતદાર તરીકે નોંધણી કરાવવા માટે લાયકાત ધરાવતા નાગરિકોને તાપી જિલ્લાના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રીમતી આશાબેન વસાવા તરફથી જણાવાયું છે.

વલસાડ જિલ્લાની સરકારી કચેરીઓમાં અનઅધિકૃત વ્યકિતઓ/ઇસમોના પ્રવેશ પર પ્રતિબંધ

વલસાડ

વલસાડ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.આર.ખરસાણે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે મળેલી સત્તાની રૂએ એક જાહેરનામા દ્વારા જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી અને બહુમાળી મકાનમાં આવેલી સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે – રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવ્યા હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળકી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરીને કામ કરાવવા કે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતાં અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઇરાદો રાખતા આવા વ્યકિતઓ/ઇસમોના પ્રવેશ ઉપર તાત્કાલિક અસરથી તા. ૬/૩/૨૦૧૯ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે.







આજથી વડોદરા ખાતે ભારતીય કિસાન સંઘના અખિલ ભારતીય અધિવેશનનો પ્રારંભ

- દેશભરના તમામ રાજયોમાંથી ૭૯૫ જેટલા પ્રતિનિધિઓ ભાગ લેશે.
- કૃષિ - કિસાનોની સાંપ્રત સ્થિતી કિસાન હિતકારી કૃષિનીતિ અંગે થશે ચિંતન અને સમસ્યાઓ ઉપર થશે પ્રસ્તા પારિત.
- તા. ૨૩/૦૨/૨૦૧૯ના રોજ નગરના નવલખી મેદાન ખાતે થી વિશાળ શોભાયાત્રા યોજાશે.
- તા. ૨૪/૦૨/૨૦૧૯એ નવિન રાષ્ટ્રીય કાર્યકારીણીની રચના સાથે થશે સંપન્ન.

આપણા દેશમાં કિસાનોના અનેક સંગઠનો ચાલી રહયા છે. ભારતીય કિસાન સંઘ એ ખેડૂતોનું, ખેડૂતો માટે, ખેડૂતો ધ્વારા ચાલતુ દુનિયાનુ સૌથી મોટુ અખિલ ભારતીય બિન રાજકીય સંગઠન છે. દેશના લગભગ તમામ રાજયોમાં ભારતીય કિસાન સંઘનું સંગઠન સક્રિય રીતે કામ કરે છે. સંગઠન માં કમશ ગ્રામ્ય સ્તરથી લઈને રાજય થી કેન્દ્રિત સ્તર સુધી પોતાના એકમો કાર્યરત છે.ભારતીય કિસાન સંઘ ના અત્યારે હાલમાં ૩૦,૦૦,૦૦૦/- સભ્યો છે. દર ત્રણ વર્ષે સભ્ય નોધણી કરવામાં આવે છે.તેમજ ગ્રામ્ય એકમ થી લઈને રાજય તેમજ કેન્દ્રીય એકમની ચૂંટણી ધ્વારા રચના કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ગ્રામ્ય એકમ,તાલુકા એકમ, જીલ્લા એકમ, રાજય એકમોની ચૂંટણી પુરી કરીને નવીન એકમોની રચના કરાવામાં આવે છે. ચાલુ વર્ષમાં તા.૨૨/૨૩/૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ દેશના તમામ રાજય એકમોના પ્રતિનિધીઓની ૧૨મું અખીલ ભારતીય અધિવેશન ગુજરાતમાં વડોદરા ખાતે પાયોનિયર પ્રૂપ ઓફ ઈન્સ્ટીટયુટ, આજવા - નીમેટામાં મળી રહેલ છે.આ અધિવેશનમાં ૭૯૫ પ્રતિનિધીઓ તમામ રાજયો માંથી અપેક્ષિત છે.આ પ્રતિનીધી સભામાં નવિન રાષ્ટ્રીય કારોબારી ની રચના સાથે અન્ય વિષયો પર ચર્ચા વિચારણ! માટેના સત્રો હશે.તા. ૨૪/૦૨/૨૦૧૯ શનિવાર ના રોજ વડોદરા, નવલખી મેદાનથી એક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.જેમા તમામ પરાંત - પરદેશના પ્રતિનિધિઓ પોતપોતાના બેનર સાથે ભાગ લેશે.ગ્રામ્ય જીવન વગેરેબાબતેચર્ચાવિચારણાંઅંતે દેશની કૃષિ-કિસાનોની સાંપ્રતસ્થિતી ઉપર અને ખેતી તથા દીર અને પ્રસતાવ પસાર કરવામાં આવશે.

રાજપીપળામાં વડોદરાની ITM અર્બન ડિઝાઈનના વિદ્યાર્થીઓનું પ્રોજેકટ પ્રદર્શન યોજાયું



વડોદરાની ITMના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ રાજપીપળા શહેરને રેહણીકરણી,જીવનશૈલી સમજી શહેરીજનો સાથે ચર્ચા કરી શહેરના વિકાસની ડિઝાઈનના વિકલ્પો તૈયાર કર્યા.

રાજપીપળા :વડોદરાની સ્થાપત્ય કળાના કરતબ શીખવનાર ITM અર્બન ડિઝાઈનના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના પ્રોજેક્ટનું રાજપીપળાના આંબેડકર ભવન ખાતે પ્રદર્શન યોજાયું હતું.આ પ્રદર્શનનું રાજપીપળા યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું હતું.વડોદરાની ITMના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓએ રાજપીપળા શહેરને રેહણીકરણી, જીવનશૈલી સમજી શહેરીજનો સાથે ચર્ચા કરી શહેરના વિકાસની ડિઝાઈનના તૈયાર કરેલ વિકલ્પોનું પ્રદર્શન કરાયું હતું.

ITM-SAAD ના સ્થાપત્ય કળાના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા રાજપીપળાનો વિકાસ કઈ રીતે થઈ શકે એ બાબતે અભ્યાસ કરી એનો સર્વે હાથ ધર્યો હતો.સ્ટેચ્યુ ઓફ યુનિટીને લીધે રાજપીપળાને વધુ પ્રમોટ કઈ રીતે કરી શકાય,શહેરના હેરિટેજ બિલ્ડીંગ,સ્મારકો ની જાળવણી કઈ રીતે કરી શકાય,રાજપીપળામાં વધતી વસ્તીને લીધે ઓછી જગ્યામાં રહેણાંક મકાનો કઈ રીતે બનાવી શકાય એ બાબતે એમણે વિવિધ પ્રોજેકટ તૈયાર કરી વિવિધ નકશાઓ તૈયાર કર્યા હતા,એ નકશાઓનું પ્રદર્શન આ કાર્યક્રમમાં યોજાયું હતું.

આ બાબતે ITM-SAAD ના વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે અમે છેલ્લા ૬ મહિનાથી રાજપીપળાનો અભ્યાસ કરી રહ્યા હતા.૨૦૧૦ થી ૨૦૧૬ સુધીના રાજપીપળા તમામ નકશાઓ જોઈ રાજપીપળાના વિકાસ માટે આગામી સમયમાં શુ જરૂરિયાત ઉભી થશે એ બાબતે શહેરીજનો સાથે વાતચીત કરી હતી.રાજપીપળાના વિકાસ માટે વિવિધ ૨૮ જેટલા પ્રપોઝલ અમે આ પ્રદર્શનમાં મુક્યા છે,જેની પર નર્મદા જિલ્લાનું વહીવટીતંત્ર જો અમલ કરે તો અહીંનો વિકાસ લોકોની આંખો આંજી દે એવો થશે.

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, લોકદ્રષ્ટિ ચક્ષુબેંક, લાયન્સ ક્લબ ઓફ સુરત ઈસ્ટ તથા સક્ષમ સુરતની જાગૃતિથી ચક્ષુદાન મળ્યું



કરાવેલ.ચક્ષુદાતા કાબાભાઈ જીવરાજભાઈ હીરપરાના પુત્રો અને પુત્રીઓના સહયોગ થી ચક્ષુદાનની સેવા માં લોકદ્રષ્ટિ ચક્ષુબેંક અને રેડક્રોસ બ્લડબેંકના પ્રમુખ ડો .પ્રફુલભાઈ શિરોયાએ ચક્ષુનુ દાન મેળવ્યું હતું. અને દિનેશભાઈ પટેલ અને ડો.ભાવિન શિરોયા એસદગત ને હાર્દિક શ્રધ્ધાંજલી આપી.

સદગત ચક્ષુદાતા કાબાભાઈ જીવરાજભાઈ હીરપરા , (ઉ.વ૭૪),જેમનું મુળ વતન જામનગર જીલ્લાનું નંદાણા ગામ છે. જેઓ હાલ સુરત મુકામે રહે છે. તેઓનું નિધન થતા સમાજસેવાના ભાગ રૂપે તેઓના પુત્ર રાજેશભાઈ કાબાભાઈ હીરપરા, ચંદ્રેશભાઈ કાબાભાઈ હીરપરા તથા તેમની પુત્રીઓ રમાબેન ભરતભાઈ ચાંગાણી, નયનાબેન સુરેશભાઈ સુતરીયા, શોભનાબેન કનવરલાલ વેકરીયા તેમજ તેમના કુટુંબીજનો દ્રારા ચક્ષુદાન

આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરનો પ્રવાસ કાર્યક્રમ

વલસાડ

વન અને આદિજાતિ રાજ્ય મંત્રી રમણલાલ પાટકર તા.૨૩/૨/૧૯ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે કલગામ ખાતે સામાજિક પ્રસંગમાં, બપોરે ૪-૦૦ કલાકે ધોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે વીજ બીલ માફી યોજના અન્વયેની બેઠકમાં, સાંજે ૫-૦૦ કલાકે, સાંસ્કૃતિક હોલ ધોડીપાડા ખાતે વિવેકાનંદ મંડળની બેઠકમાં, સાંજે ૭-૦૦ કલાકે વલસાડ ખાતે સામાજિક પ્રસંગમાં, રાત્રે ૮-૦૦ કલાકે ઉપાસના હોલ વાપી ખાતે યોજાનાર સંગીત સમારોહમાં તેમજ રાત્રે ૯-૦૦ કલાકે રોફેલ કોલેજ કેમ્પસ ખાતે યોજાનાર ફીમેલ મેરેથોન દોડમાં હાજરી આપી કાર્યક્રમ પૂર્ણ થયે અનુકૂળતાએ ધોડીપાડા જવા રવાના થશે. મંત્રીશ્રી તા.૨૪મીએ ડાંગ જિલ્લામાં યોજાનાર વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. તા.૨૫મીએ બપોરે ૩-૦૦ કલાકે ઉમરગામ તાલુકાના મરોલી ખાતે જળસંચય અભિયાન શુભારંભ કાર્યક્રમમાં, સાંજે ૪-૦૦ કલાકે મરોલી સરોંડા રસ્તાના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં, ૪-૩૦ કલાકે ભિલાડ ખાતે ભિલાડ-ફણસા રસ્તાનું ભૂમિપૂજન, સાંજે ૫-૦૦ કલાકે માંડા ખાતે હોમાત્મક વિષ્ણુયજ્ઞમાં તેમજ સાંજે ૬-૩૦ કલાકે મરોલી ખાતે માંગેલા સમાજ દ્વારા આયોજિત સમૂહલગ્ન પ્રસંગે હાજરી આપી અનુકૂળતાને ધોડીપાડા જવા રવાના થશે. તા.૨૬મીએ સવારે ૯-૦૦ કલાકે કાલઈ ખાતે વનકુટિરના લોકાર્પણ કાર્યક્રમમાં, સવારે ૧૦-૦૦ કલાકે બિલીયા ગ્રા.પં. લોકાર્પણ કાર્યક્રમમાં તેમજ સવારે ૧૧-૩૦ કલાકે બીલીયા- રાજુભાઈની વાડી ખાતે યોજાનાર ખેડૂત સંમેલનમાં હાજરી આપી અનુકૂળતાને ગાંધીનગર જવા રવાના થશે.

આધેડ મહિલાને સોનુ બતાવી રૂપિયા ૧૫ લાખ પડાવી લીધા

સુરત

આધેડ મહિલાને સોનાના બદલે પીળા ધાતુનો હાર પધરાવી રૂપિયા ૧૫ લાખ લઈ જનાર ત્રણ ગઠિયા વિરુદ્ધ પૂણા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

પૂણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શાહપોર અંકિતી એપાર્ટમેન્ટની રહેતા અને બ્યુટી પાર્લરનું કામ કરતાં પાકિસ્તાનબેન ઝહીરભાઈ ધાબલીવાળા પાસે આરોપી નરેશ પ્રજાપતિ, ગૌતમભાઈ અને એક અજાણી માહિતી આપી હતી.

આરોપીઓએ ફરિયાદીને સોનાના સિક્કા બતાવી, પીળા ધાતુનો હાર બતાવીછ રોકડા રૂપિયા ૧૫ લાખ મેળવી વિશ્વાસઘાત - છેતરપિંડી કરી હતી.

સુરત જિલ્લાનાં સાલેયા ગામ સંસ્કાર પર્વ ભવ્ય કાર્યક્રમ યોજાયો

આતંકવાદના ઉકરડામાં સૂફીવાદનાં બીજ રોપય તો 'માનવતાવાદ' ના બાગનું સર્જન થઈ શકેઃ ડો. ચિસ્તિ



સુરત : સુરત જિલ્લાનાં સાલૈયા ખાતે માંગરોળની મોટામિયાં બાવાની દરગાહ હાલનાં ગાદીપતિ પીર સલીમુદીન ચિશ્તીનાં સુપુત્ર અને ઉત્તરાધિકારી ડૉ.પીર મતાઉદીન ચિશ્તીનાં સાંનિધ્યમાં સંસ્કારપર્વ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ.

કાર્યક્રમનો પ્રારંભ કાશ્મીરનાં પુલવામાં શહીદ થયેલા જવાનોને બે મીનીટનું મૌન પાડી શ્રધ્ધાંજલિ આપી તથા ઘરે ઘરે વૃક્ષ વાવોનાં અભિયાનને આગળ ધપાવાનાં હેતુને ધ્યાનમાં લઈ ડો. પીર મતાઉદીન ચિશ્તીનાં હસ્તે વૃક્ષ વાવીને કરવામાં આવ્યો હતો. પ્રા. શાળાની બાળાઓએ પ્રાર્થના સ્વાગતગીત રજૂ કર્યા હતાં. દરગાહ રચિત ગ્લોબલ સૂફી પીસ એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા વર્ષ દરમિયાન જે સંસ્કાર પર્વ કાર્યક્રમમાં શહિદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી કામગીરી કરવામાં આવી છે એનો અહેવાલ ડૉ. રાયસીગભાઈ ચૌધરીએ રજૂ કર્યો હતો.આ કાર્યક્રમમાં ધો.૧૨-૧૦નાં વિદ્યાર્થીઓને ડૉ. પીર મતાઉદીન ચિશ્તીનાં હસ્તે પ્રોત્સાહીક ઈનામો આપવામાં આવ્યા હતા.ચાર દિવસ સુધી ભક્તિફેરી દરમિયાન ડૉ.પીર મતાઉદીન ચિશ્તી તથા એમનાં અનુયાયીઓએ કાળી પટ્ટી પેહરી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી શોક વ્યક્ત કર્યો હતો.ડૉ. પીર મતાઉદીન ચિશ્તીએ ઉપસ્થિત જંગ માનવમેદનીને આર્શીવચન આપતા જણાવ્યું કે આતંકવાદ-જ્ઞાતિવાદ કે કોમવાદનાં ઉકરડામાં સૂફીવાદનાં બીજ રોપાય તો "માનવતાવાદ'માં બાગનું સર્જન થઈ શકે એમ છે. સંચાલન ઈશ્વર ચૌધરીએ કર્યુ હતું.

પાસના બે કન્વીનરોની મુલાકાત કરી હાર્દિક પટેલે

ભાજપ લોકોને ડરાવી, ધમકાવીને પોતાની સતા ચલાવવા માંગે છેઃ હાર્દિક પટેલ

સુરત

અલ્પેશ કથીરિયાના જામીન માટે છેલ્લા ૧૦ દિવસથી પાસના બે કન્વીનરો ઉપવાસ પર ઉતર્યા છે. જેની મુલાકાતે આજે હાર્દિક પટેલ આવ્યો હતો. હાર્દિકે ઉપવાસી છાવણીમાં પહોંચી જણાવ્યું હતું કે, એસટી કર્મચારી, શિક્ષકો સહિત તમામ વર્ગ સરકારથી નારાજ છે.અત્રે નોંધનીય છે કે, ગત રોજ ઉપવાસ કરી રહેલા બંને કન્વીનરોને પોલીસ સારવાર અર્થે ઉંચકી ગઈ હતી. જોકે, બંને કન્વીનરો પોલીસની નજર ચૂકવી ફરી ઉપવાસ પર ઉતરી ગયા હતા.

ઉપવાસી છાવણીમાં પહોંચેલા હાર્દિકે જણાવ્યું હતું કે, મંજૂરી સાથે કાર્યક્રમો પણ થતા નથી. અને કાર્યક્રમોની મંજૂરી પણ આપવામાં આવતી નથી. ઉપવાસ જેવા કાર્યક્રમ શાંતિથી કરીએ છીએ તો પણ સરકાર ધ્યાન આપતી નથી. આજે ગુજરાતમાં તમામ લોકો દુઃખી છે છતાંય સરકાર તેના માટે વિચારી રહી નથી તે સાબિત થઈ રહ્યું છે. બે યુવાનો ઉપવાસ પર બેઠા હોય તો સરકાર ધ્યાન ન આપે તો નવ યુવાનોએ વિચારવા જેવું છે.

એસટી કર્મચારીઓ અને શિક્ષકોની હડતાળ અંગે હાર્દિકે જણાવ્યું હતું કે, એસટી કર્મચારી, શિક્ષકો સહિત તમામ વર્ગ સરકારથી નારાજ છે. જ્યારે વિરોધમાં નાના-મોટા અવાજો ઉઠાવવામાં આવે છે તેમને જેલમાં મોકલવામાં આવે છે. જેથી સૌએ સાથે મળીને લડવાની જરૂર છે. ભાજપ લોકોને ડરાવીને ધમકાવીને પોતાની સતા ચલાવવા માંગે છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં
આપનું રજીસ્ટ્રેશન કરાવો અને
૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

For ALL SEASONS & ALL OCCASIONS
Treat Resort
24 acres of sheer luxury
SILVASSA
Treat Water Park
A mind-blowing leisure spot!
• 24 Acres Landscaped Gardens
• 194 Luxurious Rooms • Water Park
• Colorful Fountains • Wellness Spa
• Cricket/ Football Indoor Games
• Entertainment Programs
• 8 Banquet Halls, Ranging from 2000 sq.ft. to 13000 sq.ft. each.
: SURAT :
0261-2336676, +91-9824124900

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એક્સક્લુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
"મધુકુંજ" બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોનઃ ૨૪૩૨૦૮૬-૨૪૨૫૧૦૨

મહેસાણા ડીસ્ટ્રીકટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.
પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્ષનું નામ	પ્રવેશ લાયકાત
૧	બેચલર ઓફ સાયન્સ ઈન નર્સિંગ (બી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-
● જે વિદ્યાર્થીઓએ એડમીશન કોર્મ ઓનલાઈન ભરેલ ન હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળશે. વય મર્યાદા-૩૫ વર્ષ
● એસ.સી/એસ.ટી. અને બક્ષીપંચ વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમોનુસાર સ્કોલરશીપ મળવાપાત્ર અને ફી શીપ કાર્ડ ની વ્યવસ્થા
● જાહેર આરોગ્ય ક્ષેત્રે કાર્યરત ટ્રસ્ટ, અનુભવી તેમજ તજજ્ઞ સ્ટાફ
● એક જ કેમ્પસમાં ૩૫ વર્ષથી ચાલતી ઉત્તર ગુજરાતની એકમાત્ર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ભાઈઓ તથા બહેનો માટે
● સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી શિક્ષકો અલગ-અલગ કલાસ રૂમ અને સુદ્રઢ લાયબ્રેરીની સુવિધા
● હોસ્ટેલની સુવિધા, શુધ્ધ તેમજ સાત્વિક જમવાની સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
● જુજ બેઠકો ખાલી હોઈ પોતાના અસલ પ્રમાણપત્ર સાથે આવી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મેળવી શકશે.
સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802

રાજપીપળા ખાતે મહિલા પો.સ્ટે.ના નવીન મકાનના બાંધકામનું ખાત મુહર્ત કરાવવામાં આવ્યુ



નર્મદા જીલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયા હંમેશા મહિલાઓની સુરક્ષા માટે ચિંતિત રહી પોતાના કાર્યકાળ દરમ્યાન નિર્ભયા ટીમની રચના કરી તેમજ " સ્પર્શની સંવેદના " જેવા મહિલા સુરક્ષા લગત કાર્યક્રમો કરેલ તે ઉપરાંત હાલમાં જીલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયાની બદલી સુરેન્દ્રનગર એસ.પી.તરીકે થઈ ગયેલ છે. છતાં પણ જતા-જતા મહિલાઓને ઝડપી અને ત્વરીત સેવા-સુરક્ષા પુરી પાડી શકાય તે માટે એસ.પી.ના અથાક પ્રયત્નો દ્વારા મહિલા પો.સ્ટે.ના નવિન મકાનના બાંધકામનું આજરોજ રાજપીપલા પાયગા પોલીસ લાઈનમાં એએસપી અચલ ત્યાગી તથા dy.sp. સુ,શ્રી ચેતના ચૌધરી તથા પો.ઈન્સ.આર.એન.રાઠવા તથા બાંધકામના દાતા સજજનસિંહ કુંપાવત નાઓની ઉપસ્થિતિમાં ખાત મુહર્ત કરવામાં આવેલ છે.

રૂા. ૧૪.૮૮ લાખની ઠગાઈ કરનાર નવાબ સિલ્ક મિલ્સ સામે ફરિયાદ

સુરત

રૂપિયા ૧૪.૮૮ લાખની ઠગાઈ કરનાર બે વેપારી સામે સલાબતપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પોસ્સરા આકાશ રો હાઉસમાં રહેતા નિલેશ જયંતિલાલ ભરૂચાવાળાએ આરોપી નવાબ હનિફ ચોકસી, હનિફ ચોકસી (નવાબ સિલ્ક મિલ્સ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદીની ભાગીદારી પેઢી ક્રિષ્ના ફેશનમાંથી આરોપીએ રૂપિયા ૧૪,૮૮,૭૪૬ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદી ૧૫ દિવસમાં પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાતમાં - છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે તપાસ હાથ ધરી છે.

ઓલપાડમાંથી ચાર બોગસ તબીબોની ધરપકડ

સુરત

ઓલપાડ પોલીસે ગઈકાલે જુદા જુદા સ્થળોએથી લાયસન્સ વગર દવાખાના ચલાવતા ચાર બોગસ તબીબને ઝડપી પાડયા હતા.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ પોલીસે ગઈકાલે લાયસન્સ વગર દવાખાના ચલાવતા તબીબો વિરુદ્ધ કાયદાનો કોયડો વીંજયો હતો. જેમાં ગુજરાત મેડિકલ જનરલ પ્રેક્ટિસનું લાયસન્સ વગર દવાખાનું ધરાવતા આદર્શ સોસાયટી વિભાગ-૨માં આવેલ પ્રિતી ક્લિનિકના બોગસ તબીબ રામસગાર દુખરનપ્રસાદ સિંગ, સાયણ સુગર રોડ, અંકિત એસ્ટેટની સામે દવાખાનું ચલાવતા મોહંમદ અનીશ મોહંમદ ઈસ્લામ અન્સારી, સાયણની સિવાણ જતા રોડ પર ડિંજલપાર્ક સોસાયટીના મકાન નંબર એલ-એચ-૧૪માં દવાખાનું ચલાવતા દેવકુમાર નારાયણ ચંદ્ર હરી તથા શિવનગર કોમ્પલેક્ષમાં દવાખાનું ધરાવતા રમેશ હરીભાઈ રાવત વિરુદ્ધ ઓલપાડ પોલીસે ધી ગુજરાત મેડિકલ પ્રેક્ટિશનર એકટ ૧૯૬૩ની ક્લમ ૩૦-૩૧ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

એસટી નિગમના કર્મચારીઓના પ્રશ્નો બાબતે સરકારે નમતું ન જોખતા

રાજપીપળા એસટી ડેપોમાં બીજા દિવસે પણ બસો બંધ રહેતા બાર લાખ જેટલી ખોટ



રાજપીપળા એસટી ડેપોના ૩૦૦ જેવા કર્મચારીઓ હડતાલ પર ઉતરતા ૫૭ રૂટ બંધ થયા જેમાં બે દિવસમાં ૧૨ લાખ રૂપિયાની ખોટ થઈ

રાજપીપળા : સમગ્ર ગુજરાત રાજયમાં પડતર માંગણી અને સાતમા પગાર પંચના લાભની માંગ સાથે એસટી નિગમના કર્મચારીઓ હડતાલ પર ઉતારતા લખો મુસાફરો અટવાયા છે ત્યારે નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા એસટી ડેપો માં પણ સતત બે દિવસથી તમામ ૫૭ રૂટ પરની બસો બંધ રહી જેમાં આ ડેપોના ૧૪૦ જેવા ડ્રાઈવરો,૧૧૦ કન્ડક્ટરો સહીત મિકેનિકલ અને અન્ય સ્ટાફ મળી ૩૦૦ જેવા કર્મચારીઓ હડતાળમાં જોડાતા ડેપો સુમસામ જોવા મળ્યું સાથે ડેપોની અંદર બહારની દુકાનો લારી ગલ્લા ના માલિકોના રોજગાર પણ ઠપ થઈ ગયા હતા તેમ છતાં સરકાર એસટી કર્મચારીઓના પ્રશ્નો બાબતે કોઈ નિરાકરણ ન લાવતા આ હડતાલ હજુ ક્યાં સુધી યથાવત રહેશે અને ક્યાં સુધી એસટીના પૈડાં અટકશે એ કહેવું મુશ્કેલ છે .

જોકે આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણી આવવાની હોય પોતાની ગોદડી સાચવવા સરકારે નમતું જોખવું પડશે એ પણ છે પરંતુ સતત બે દિવસ થવા છતાં આ બાબતે કોઈ નિરાકરણ ન આવતા આગામી ચૂંટણી પર એની કેવી અસર પડશે એ સમયજ બતાવશે હાલ તો એસટી બસો બંધ હોવાના કારણે ખાનગી વાહનોને સારી આવક ઉભી થઈ રહી છે.

પતંગોત્સવમાં ત્રણ કરોડથી વધુનો ખર્ચ થયો

સરકારે બે વર્ષમાં વિવિધ ઉત્સવો પાછળ ૪૩ કરોડનો ખર્ચ કર્યો

ગાંધીનગર

ઉત્સવપ્રેમી તરીકે પંકાયેલી ગુજરાત સરકારે વિધાનસભામાં પાછલા બે વર્ષમાં ઉત્સવો પાછળ કરેલા ખર્ચની વિગત ગુજરાત વિધાનસભાના બજેટ સત્રમાં પ્રસ્તુત કરી છે. વિધાનસભાના સત્રમાં સરકારે આંકડાઓ જાહેર કરી જણાવ્યું હતું કે સરકારે બે વર્ષમાં વિવિધ ઉત્સવો પાછળ ૪૩.૬૫ કરોડનો ખર્ચ કર્યો હતો.

સરકારે રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવમાં કરેલ ખર્ચના આંકડા જાહેર કર્યા હતા. આ ખર્ચમાં સરકારે છેલ્લા બે વર્ષમાંરાજ્ય બહારના અને વિદેશી મહેમાનોની સરભરા માટે રણોત્સવમા ૭.૭૭ લાખનો ખર્ચ કર્યો હતો જ્યારે પતંગોત્સવમાં ૩.૨૯ કરોડ કરતા વધુનો ખર્ચ કર્યો હતો, જ્યારે નવરાત્રિ મહોત્સવમાં ૭૦ લાખ કરતાં વધુનો સરકારે ખર્ચ કર્યો હતો.

સરકારે વિધાનસભામાં પ્રશ્નોતરી કાળ દરમિયાન પૂછાયેલા સવાલોના જવાબ આપતા સમયે આ વિગતો આપી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સરકાર દ્વારા વિવિધ પ્રકારના ઉત્સવો યોજવાાં આવે છે, જેમાં રણઉત્સવ અને પતંગોત્સવમાં વિદેશી મહેમાનો પણ આવે છે.

વાલિયામાં દીપડાનો આતંકઃ હૂમલો કરતાં બે લોકો ઘાયલ

ભરૂચ

ભરૂચ જિલ્લાના વાલિયાના હીરાપોર ગામની સીમમાં દીપડાએ ખેતરમાં કામ કરતા શખ્સો પર અચાનક હુમલો કરી ઈજા પહોંચાડી હોવાનો બનાવ બન્યો હતો. જેમાં બે શખ્સોને ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના વાલિયાના હીરાપોર ગામની સીમમાં આવેલ ખેતરમાં કામ કરતા બે શ્રમજીવીઓ પર આજે સવારે અચાનક દીપડાએ હુમલો કર્યો હતો. દિપડાએ કરેલ અચાનક હૂમલામાં નાની-મિટી ઈજાઓથી ઘાયલ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતાં. જો કે બે શખ્સો પર હુમલો કરી દીપડો ભાગી ગયો હતો. સમગ્ર હૂમલાની જાણ વન વિભાગને કરાતા વન વિભાગે દિપડાને પાંજરે પુરવા કવાયત હાથ ધરી છે. દિપડાના હૂમલાના પગલે ગ્રામજનોમાં ભયનું વાતાવરણ ફેલાવા પામ્યું છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

હોલસેલ ભાવે છુટકમાં
● કોટન તથા પોલીસ્ટર ધોતીજોટા
● લાલ-પીળા ભગવા અબોટીયા
● લાલ ગમછા (અંગુછા)
● ધાબળા - પોલાર બ્લેન્કેટસ
● સોલાપુરી ચારસા
સીંગલબેડ તથા ડબલ બેડમાં
➨ પ્રીન્ટેડ બેડશીટસ (100% કોટન)
➨ મીન્ક બ્લેન્કેટસ
શુભ પ્રસંગો તથા લગ્ન પ્રસંગે વડીલોના સન્માન કરવા માટે
"કાશ્મીરી શાલ"
ફોલ્ડીંગ મચ્છરદાની
મચ્છરના ત્રાસથી બચવા
દરેક સાઈઝમાં ફોલ્ડીંગ મચ્છરદાની

ગોળ તથા ચોરસમાં સીંગલબેડ, ડબલબેડ તેમજ દરેક નાની મોટી સાઈઝમાં સુપીરીયર ક્વોલીટીની તૈયાર મચ્છરદાની મળશે.
"છોટા કુબેર" કાપડવાલા
બરાનપુરી ભાગળ, મેઈન રોડ, કાપડબજાર, સુરત.
ફોન : ૬૫૭૧૫૭૧, ૯૪૨૬૮૯૧૪૯૭

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો

100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી*
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.

અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
● ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
● લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
● ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
● રીચાર્જેબલ હીયરીંગ એઈડ
● જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270

SF
SINGAPURI FASHION
FABRICS, TAILORING & ETHNIC

સુટ,શેરવાની, ડિઝાઇનર પઠાણી, કુર્તા પાયજામા, સાફા, મોજડી, જેવી દુલ્હા કલેક્શન ની રેન્જ એક જ જગ્યા એ જોવા પધારો.
0261-2417767
૧ પટેલ મોટર ની પાસે, રાણીતાલાબ, લાલગેટ સુરત

THICKSHAKE -NEW VARIETY-
રજવાડી કીંગ | રજવાડી ક્વીન
મખ્ખન ભોગ

Extra Ordinary Flavours of 51 RAINBOW ice creams
Special offer
150/- 100/-
Service Available
સુરત રેલ્વે સ્ટેશનની સામે. સંપર્કઃ +91 9879217786


3000/- Rebonding Smoothing & straightening
Niyati BEAUTY PARLOUR
9913736223, 9106322559
300/- Facial Waxing Hands And Legs Eyebrows
800/- D Taning Facial, Full Waxing Only Hands With Arms Half legs, Hair Spa Taning Spa Pedicure, Ags, Eyebrows
1000/- Menicure, Pedicure, Hair Spa Facial Hand & Legs Waxing, Eyebrows, Bleach
500/- Facial Waxing Only Hands With Arms Manicure Hair Spa Eyebrows
F/9 Shivam Complex, Tulsidham Zadeshwar Road, Bharuch.

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે

મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
સ્કુલ, ગ્રૂપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
ઉમરાટ બીચ - નવસારી
www.modiresorts.com
Ph.: 99250 08830
97272 56004